
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૯



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ઔર સાધુ યે પંચપરમેષ્ઠી હૈ યે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં, આત્માકી અવસ્થા હૈ, ઈસલિયે મેરે આત્મા હી કા શરણ હૈ, ઈસ પ્રકાર આચાર્યને અભેદનય પ્રધાન કરકે કહા હૈ. ૧૭૭૩.

(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૦૪)

● તીર્થંકર તથા ગણધરાદિ મહાપુરુષોએ અભ્યંતર તથા બાહ્ય બાર પ્રકારના તપનું વર્ણન કર્યું છે તથા તેનું પાલન કર્યું છે, તે તપોમાં સ્વાધ્યાય સમાન બીજો કોઈ તપ નથી તથા થશે નહિ અર્થાત્ સ્વાધ્યાય સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે તેથી તેની ભાવના નિરંતર કરવા યોગ્ય છે. ૧૭૭૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, સમયસાર અધિકાર, ગાથા-૮૨)

● ધર્મનું મુખ્ય ચિહ્ન આ છે કે જે જે ક્રિયા પોતાને અનિષ્ટ લાગતી હોય તે તે ક્રિયા અન્યને માટે મન-વચન-કાયાથી સ્વપ્નમાં પણ કરવી નહીં. ૧૭૭૫.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, ધર્મભાવના, શ્લોક-૨૧)

● સુજ્ઞજન નિરંતર આત્મામાં ચિત્ત સ્થાપીને વાણી અને શરીરની ક્રિયા કરે; જેમ પાણી ભરનારી ઘડામાં ચિત્ત સ્થાપીને ગમન, વચન ઉચ્ચાર આદિ ક્રિયા કરે. ૧૭૭૬. (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૪, ગાથા-૩)

● હું ગોરો છું, હું જાડો છું, અથવા પાતળો છું; એવી રીતે શરીર સાથે આત્માને એકરૂપ નહિ કરતાં સદા પોતાના આત્માને કેવળ જ્ઞાનરૂપ શરીરવાળો ધારવો-માનવો. ૧૭૭૭. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૦)

● યોં હમારો કર્મ નામ બૈરી મેરા આત્માકૂં દેહરૂપી પીંજરેમેં ક્ષેપ્યા સો ગર્ભમેં આયા, તિસ ક્ષણસે સદાકાલ ક્ષુધા, તૃષા, રોગ વિયોગ ઈત્યાદિ અનેક દુઃખનિકરિ તપ્તાયમાન હુઆ પડ્યા હૂં, અબ ઐસે અનેક દુઃખનિકરિ વ્યાપ્ત ઈસ દેહરૂપી પીંજરાતૈ મોકું મૃત્યુ નામ રાજા વિના કૌન છુડાવૈ ? ૧૭૭૮. (મૃત્યુમહોત્સવ, શ્લોક-૫)

● જિસ પ્રકાર દૂધકો પીકર ભી સર્પ કભી વિષસે રહિત નહીં હોતા હૈ, જિસ પ્રકાર દૂધ ઔર શહદકે ઘડોસે સીંચા ગયા ભી નીમકા વૃક્ષ કડુવે પનેકો નહીં છોડતા હૈ, તથા જિસ પ્રકાર હલોંકે દ્વારા જોતી ગઈ ભી ઉસર ભૂમિ કભી અનાજકો નહીં દેતી હૈ, ઉસી પ્રકાર સજજન પુરુષોંકે સમાગમમેં રહકર ભી દુર્જન કભી અપની કુટિલતાકો નહીં છોડતા. ૧૭૭૯. (શ્રી અમિતગતિ આચાર્ય,સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૪૦)

વર્ષ-૧૪
અંક-૪




વિ. સંવત
૨૦૭૫
December
A.D. 2019



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા ૭૨ ઉપર પ્રવચન)

## ભગવાન આત્મા ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે

દયા-દાન-ભક્તિ-નામસ્મરણ આદિ પુણ્યના ને પાપના ભાવો છે તે રાગ છે, આસ્રવ છે ને આસ્રવ છે તે જડસ્વભાવપણે છે, કેમકે તેમાં ચૈતન્યનો સ્વભાવ નથી. જે ભાવે પુણ્ય બંધાય તે રાગભાવ જડ છે કેમકે તે પોતાને જાણી શકતો નથી પણ બીજા વડે—ચૈતન્યસ્વભાવ વડે જાણવાયોગ્ય છે. રાગ પોતાને જાણતો નથી કે હું રાગ છું તથા સાથે જે ચૈતન્ય છે તેને પણ જાણતો નથી. જે જડ હોય તે પોતે પોતાને જાણે નહીં ને બીજાને પણ જાણે નહીં. તેથી આસ્રવો છે તે જડ છે. તેમાં ચૈતન્યના નૂરના પૂરનો અંશ નથી માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે.

દયા-દાન આદિનો રાગ છે તે રાગ પોતાને જાણતો નથી, બીજાને જાણતો નથી ને તે રાગ બીજા વડે એટલે કે જાણનાર ચૈતન્ય વડે જણાવાયોગ્ય છે માટે તે જડ છે. કારણ કે જે જડ હોય તે પોતાને ને પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે. શુભરાગનો ભાવ છે તે પોતાને નહીં જાણનારો હોવાથી, પરને નહીં જાણનારો હોવાથી ને બીજા વડે જણાવાયોગ્ય હોવાથી તે જડ છે, આંધળો છે. માટે પુણ્ય-પાપનો રાગ છે તે ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે.

**સકલ દ્રવ્યકો વાસ જાસમેં, સો આકાશ પિછાનો,**
**નિયત વર્તના નિશિ-દિન સો, વ્યવહારકાલ પરિમાનો;** —શ્રી છહઢાળા

ભગવાન આત્મા કેવો છે ?—કે ભગવાન આત્મા તો આસ્રવોથી જુદી જાતનો છે. ભગવાન આત્મા તો, પોતાને સ્વયં સદાય વિજ્ઞાનઘન સ્વભાવપણું હોવાથી એટલે કે જેમાં વિકલ્પનો પ્રવેશ નથી એવો હોવાથી પોતે જ જ્ઞાતા જ છે, ચેતક છે, જાણનાર-દેખનાર જ છે. પોતાને ને પરને જાણે છે માટે આત્મા ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે. જાણનસ્વભાવથી અનેરા સ્વભાવવાળો નથી પણ અનન્ય સ્વભાવવાળો જ છે. આત્મા ચૈતન્યસ્વભાવથી અભેદ છે, અનેરાપણે નહીં પણ એકપણે છે. ચૈતન્યથી આત્મા અનન્ય સ્વભાવવાળો જ છે.

## ભગવાન આત્મા સદાય દુઃખનું અકારણ જ છે

શુભભાવ કે જેને દુનિયા અત્યારે ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે, એ આસ્રવો શું છે ?—કે આકુળતાને ઉપજાવનારા છે. શુભ ને અશુભભાવ આકુળતાના ઉપજાવનારા છે, આત્માની શાંતિને ઉપજાવનારા નથી. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ બને નહીં. શુભભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી આત્માની શાંતિને કે ધર્મને ઉપજાવનારા નથી ભાઈ !

વ્યવહારના રાગના ભાવ સુખને ઉપજાવનારા નથી, આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે. બીજી રીતે કહ્યું કે શુભભાવથી શુદ્ધભાવ થાય એમ નથી. શુભભાવ એ અપરાધ છે, દોષ છે. વ્રત-તપ-ભક્તિ આદિનો શુભભાવ દુઃખના કારણો છે. દુઃખરૂપ છે એમ ન કહેતાં દુઃખના કારણો છે એમ કહ્યું એટલે એ સમ્યગ્દર્શન ને ધર્મના કારણો નથી. આસ્રવો દુઃખના કારણ છે. જે દુઃખના કારણ છે તે મોક્ષમાર્ગની પર્યાયના કારણ કેમ થાય ?

આ વાત સાંભળવા મળવી એ મહાભાગ્ય છે, બાકી દુનિયાના પૈસા આદિ હોય કે ન હોય, આ વાત સાંભળવા મળવી એ ભાગ્ય છે. અહીં કહે છે કે ભગવાન આત્મા સદાય નિરાકુળ સ્વભાવપણે છે. સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વતજ્ઞાન ને આનંદરૂપ છે. સદાય નિરાકુળ સ્વભાવપણાને લીધે તે કોઈનું કાર્ય કે કોઈનું કારણ નથી. ભગવાન આત્મામાં એક અકારણકાર્ય નામનો ગુણ છે તેથી તે શુભનું કારણ પણ નથી કે શુભનું કાર્ય પણ નથી. શુભભાવ કે જેનાથી તીર્થંકર ગોત્ર બંધાય તે પણ આત્માનું કાર્ય નથી કે આત્મા તેનું કારણ નથી. કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહીં હોવાથી પ્રભુ તો દુઃખનું અકારણ જ છે.

**યોં અજીવ, અબ આસ્રવ સુનિયે, મન-વચ-કાય ત્રિયોગા,**
**મિથ્યા અવિરત અરુ કષાય, પરમાદ સહિત ઉપયોગા. ૮.** —શ્રી છઢાળા

ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવ હોવાને લીધે કોઈનું કાર્ય-કારણ નહીં હોવાથી દુઃખનું અકારણ છે. ભગવાન આત્મા આનંદના સ્વભાવને લીધે તેના દ્રવ્ય-ગુણ ને પર્યાય કોઈનું કાર્ય કે કારણ નથી. વ્યવહારરત્નત્રયનો રાગ કારણ ને આત્માના આનંદની પર્યાય એ કાર્ય એવું નથી. દ્રવ્ય-ગુણ તો કોઈનું કાર્ય નથી પણ તેની પર્યાય પણ કોઈનું કાર્ય નથી, કેમ કે આનંદ સ્વરૂપ ભગવાન દૃષ્ટિમાં આવતાં આનંદની-ધર્મની જે પર્યાય થાય તે રાગનું કાર્ય નથી. રાગ છે તે આકુળતા છે ને પ્રભુ આત્મા છે તે અનાકુળ છે. બંનેના લક્ષણો જ વિરુદ્ધ છે.

ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે. તેની દૃષ્ટિ કરવાથી આનંદની પર્યાય થાય તે આનંદના પર્યાયના કાર્યનું દ્રવ્ય કારણ છે પણ તે બીજા કોઈનું કારણ નથી. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયનું કારણ કારણપરમાત્મા પોતે છે પણ રાગની મંદતાનું કારણ તે નથી. જેમ આનંદની પર્યાયનું કારણ રાગની મંદતા નથી તેમ રાગની મંદતાનું કારણ આનંદની પર્યાય નથી.

ભગવાન આત્મા અનંતગુણસ્વરૂપ પ્રભુ છે. તેના એક-એક ગુણમાં અનંત અનંત ગુણનું રૂપ છે પણ તેમાં રાગનું રૂપ નથી. એક સમયમાં અનંત અનંત ગુણોનો સાગર પ્રભુ છે. એના એક એક ગુણમાં તેના અનંતા અનંતા ગુણોનું રૂપ છે. એક ગુણ બીજા ગુણમાં નથી પણ એક ગુણનું રૂપ બીજા ગુણમાં છે. પરંતુ વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્માનો કોઈ ગુણ નથી તેથી રાગનું રૂપ કોઈ ગુણમાં નથી. તેથી ભગવાન આત્મા રાગનું કારણ નથી કે રાગ પોતાની આનંદની પર્યાયનું કારણ નથી. ગમે તેટલી રાગની મંદતાનો ભાવ હો છતાં દ્રવ્ય-ગુણ કે પર્યાય તેનું કારણ નથી, તેમ ધર્મની જે પરિણતિ થઈ તેનું કારણ રાગ નથી. બીજી રીતે વ્યવહારરત્નત્રય સાધક ને નિશ્ચય સાધ્ય એમ નથી. અનંત ગુણસ્વરૂપ પ્રભુમાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. તેથી તેના અનંતગુણોમાં પ્રભુત્વ ગુણનું રૂપ છે પરંતુ રાગ કારણ ને ધર્મની દશા કાર્ય એવો કોઈ ગુણ એમાં નથી.

આત્મામાં અનંતા ગુણો છે. તે વીતરાગભાવે છે. અનંતા ગુણોમાં વીતરાગતા ભરી છે, રાગ ભર્યો નથી. તેથી આત્મા રાગનું કારણ નથી કે રાગનું કાર્ય પણ નથી. અનંત અનંત અનંત ગુણો છે એ બધા વીતરાગ સ્વભાવે છે. એ વીતરાગ ગુણોનો ધરનાર વીતરાગી ભગવાન આત્મા વીતરાગી પર્યાયનું કારણ છે પણ રાગની પર્યાયનું કારણ નથી, તેમ એ રાગની પર્યાય વીતરાગી પર્યાયનું કારણ નથી. જે રાગ ઉત્પન્ન થાય છે એ

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**યે હી આતમકો દુખ કારણ, તાતૈં ઇનકો તજિયે,**
**જીવ પ્રદેશ બંધૈ વિધિસોં સો, બંધન કબહું ન સજિયે;** –શ્રી છઢાળા




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શનિવાર) વ્યાખ્યાન નં. ૨૩
(ગાથા ૩૮)



શ્રીઆચાર્યભગવાન પર્યાયબુદ્ધિ છોડાવીને આખો આત્મસ્વભાવ બતાવે છે. ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયિક એ ચારે ભાવો પર્યાયરૂપ છે; એક પર્યાયને જ આત્મા માની લેવો તેનું નામ પર્યાયબુદ્ધિ છે, ને પર્યાયબુદ્ધિ તે મિથ્યાત્વ છે. પર્યાયની અપેક્ષારહિત પૂરા આત્મસ્વભાવને માનવો તે દ્રવ્યદૃષ્ટિ છે ને તે સમ્યગ્દર્શન છે. આ ઉદયાદિ ચારે ભાવો ક્ષણિક હોવાથી તેઓ શ્રદ્ધામાં ઉપાદેય નથી. ચાર ભાવોથી નિરપેક્ષ ત્રિકાળ એકરૂપ પારિણામિકભાવ તે જ આત્મસ્વભાવ છે, ને તે આદરણીય છે. આ દુર્લભ મનુષ્યભવમાં પણ જીવ જો પોતાના આવા સ્વભાવને જાણીને તેનો આદર નહિ કરે તો પછી ફરીથી ક્યારે આવો અવસર મળવાનો છે ? પોતાનો જેવો પૂરો સ્વભાવ છે તેવો ઓળખીને તેનો જ આદર કરવો—શ્રદ્ધા કરવી, તે જ આ મનુષ્યપણામાં જીવનું કર્તવ્ય છે.

આ આત્મા કેવો છે ? કેવા આત્મસ્વભાવને ધર્મી જીવો આદરે છે ? આ શરીર દેખાય છે તે આત્મા નથી, માણસપણું તે કાંઈ આત્મા નથી, રાગ-દ્વેષાદિ ભાવો થાય તે આત્મા નથી. 'હું માણસ, હું શરીરવાળો કે હું રાગી-દ્વેષી' એવી શ્રદ્ધાથી આત્માને માનવો તે તો મિથ્યાત્વ છે; અને મુનિદશા કે કેવળજ્ઞાનદશા તેને જ આત્મા માનવો તે પણ મિથ્યાત્વ છે. શરીરાદિ તો પ્રગટપણે આત્માથી જુદા છે; રાગાદિ વિકારી ભાવોથી અગોચર જે કોઈ પરમ તત્ત્વ છે તેને આત્મા માનવો તે સમ્યગ્દર્શન છે, તે ધર્મ છે, તે મોક્ષનો ઉપાય છે; બધાય ધર્મી જીવો એવા પરમ આત્મતત્ત્વને જ ઉપાદેય જાણે છે. જીવ જો એક પ્રગટ પર્યાયને જ આત્મા માની લે અને તે પ્રગટ પર્યાય વખતે જે અપ્રગટરૂપ આખો ચૈતન્યસ્વભાવ છે તેને ન કબુલે તો તેને આખું જીવતત્ત્વ શ્રદ્ધામાં આવે નહિ, અને જીવતત્ત્વની શ્રદ્ધા વગર ધર્મ થાય નહિ.

ક્ષાયિકભાવ એટલે કેવળજ્ઞાન અને સિદ્ધદશા. આ ભાવ તો સંપૂર્ણ શુદ્ધ છે. છતાં, તે ક્ષાયિકભાવથી પણ આત્મા અગમ્ય છે એટલે કે ક્ષાયિકભાવ પણ આત્મા નથી—એમ

> શમ-દમતૈં જો કર્મ ન આવૈ; સો સંવર આદરિયે,
> તપ-બલતૈં વિધિ-ઝરન નિરજરા, તાહિ સદા આચરિયે. ૯. –શ્રી છઢાળા

કેમ કહ્યું ? તે સોનાનું દૃષ્ટાંત આપીને સમજાવવામાં આવે છે. જેમ દસ તોલા સોનું હોય, તેનો કોઈ વાર હાર બનાવ્યો હોય, વળી હાર તોડીને બંગડી બનાવે, ઈત્યાદિ પ્રકારે તેના અનેક આકારો થાય છે. તેમાં એક હારના જ આકારને પકડીને કોઈ એમ માને કે આ હાર તે જ સોનાનું સ્વરૂપ છે, તો તેની વાત ખોટી છે. હારના આકાર જેટલું જ સોનું નથી, કેમ કે હાર તોડીને બંગડી કરો તોય સોનું તે જ રહે છે. સોનામાં સારી કારીગરી હોય ત્યારે કાંઈ દસ તોલા સોનું વધીને અગીયાર તોલા થઈ જતું નથી અને ખરાબ કારીગરી હોય ત્યારે સોનું ઘટીને નવ તોલા થઈ જતું નથી. માટે હાર-દશા વખતે અને બંગડી-દશા વખતે જે સામાન્યરૂપ દસ તોલા સોનું છે તે જ સોનું છે. તેમ આત્મામાં અજ્ઞાનદશા, સાધકદશા, કેવળજ્ઞાનદશા, સિદ્ધદશા ઈત્યાદિ પર્યાયો છે, ત્રણેકાળની અવસ્થાઓ એક સમયમાં આવી જતી નથી. જ્ઞાનમાં બધી અવસ્થાઓ એક સાથે જણાય, પણ ભોગવટામાં એક સાથે બધી અવસ્થાઓ ન આવી શકે. અજ્ઞાનદશા વખતે જ્ઞાનદશા ન હોય, સાધકદશા વખતે સિદ્ધદશા ન હોય, પણ એ બધી દશાઓ વખતે જે અખંડ એકરૂપ સ્વભાવે સ્થિત છે તે આત્મા છે. આત્મામાં જ્યારે અધૂરી જ્ઞાનદશા હોય ત્યારે કાંઈ એકરૂપ આત્મસ્વભાવ ઘટી જતો નથી અને પૂર્ણ કેવળજ્ઞાનદશા થાય ત્યારે કાંઈ તે સ્વભાવ વધી જતો નથી. માટે એક એક પર્યાય જેટલો આત્માને ન માનતાં, બધાય પર્યાયો વખતે આત્માનો સામાન્ય એકરૂપ સ્વભાવ છે તેને માનવો તે સમ્યગ્દર્શન છે.

કેટલાક જીવો એમ માને છે કે આત્મા તો શુદ્ધ વસ્તુ છે, માટે આત્માને પર્યાય હોય જ નહિ.—એમ માનનાર તો સ્થૂળ એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ છે. આત્મામાં પર્યાય હોતો જ નથી એમ અહીં કહેવાતું નથી. દરેક વસ્તુમાં પોતાનો પર્યાય તો હોય જ. રાગાદિ વિકારી પર્યાય કે કેવળજ્ઞાનાદિ નિર્મળપર્યાય આત્મામાં જ થાય છે. પણ અત્યારે ક્ષણિક પર્યાય ગૌણ રાખીને સમ્યગ્દર્શનના વિષયભૂત ત્રિકાળી દ્રવ્યસ્વભાવની વાત છે. પોતાના પર્યાયમાં સંસાર-દુઃખ છે એમ જેને ભાસે, તેનો ભય લાગે અને તેનાથી છૂટવા માગે તે જીવ પોતાના ચૈતન્યસ્વભાવને સમજે. પણ જે પોતાની પર્યાયને જ સ્વીકારતો નથી, પોતાની પર્યાયમાં દુઃખ છે તેને જાણતો નથી તે જીવ ચૈતન્યસ્વભાવને સમજવાનો પ્રયત્ન શા માટે કરે ?

ગુણ-પર્યાય તે વસ્તુનો સ્વભાવ જ છે. બધી વસ્તુઓ પોતાના ગુણ-પર્યાયસંપન્ન છે. આત્મા વસ્તુ છે, તે જ્ઞાન-સુખ વગેરે અનંતગુણો અને કેવળજ્ઞાનાદિ પર્યાયોનો પિંડ છે. ત્રણકાળના અનંતપર્યાયો એક સાથે વ્યક્ત હોતા નથી પણ એક વખતે એક પર્યાય જ

**સકલ કર્મતૈં રહિત અવસ્થા, સો શિવ, થિર સુખકારી,**
**ઇહિવિધ જો સરધા તત્ત્વનકી, સો સમકિત વ્યવહારી;** –શ્રી છઢાળા

હોય છે. એક પર્યાયને માનવાથી આખો આત્મા જ્ઞાનગોચર થતો નથી; માટે ક્ષાયિકભાવથી આત્મા અગોચર છે એમ કહ્યું છે; અને એમ કહીને ક્ષાયિકપર્યાયનું લક્ષ છોડાવીને આખા આત્મસ્વભાવનું લક્ષ કરાવ્યું છે. એકેક સમયની અવસ્થા વખતે જ આખી વસ્તુ પડી છે, માટે એકેક પર્યાયનો વિકલ્પ છોડી દઈને અખંડ એક સહજ પારિણામિકભાવને લક્ષમાં લઈને અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે. આત્માની અને સમ્યગ્દર્શનની વાતો તો અનેક જીવો કરે છે, પણ આ પ્રમાણે ચાર ભાવોથી અગોચર આત્મસ્વભાવને જેણે જાણ્યો અને ઉપાદેય માન્યો તેણે જ ખરેખર આત્માને જાણ્યો છે અને તેને જ સમ્યગ્દર્શન છે.

ઔદયિકાદિ ચાર અન્ય ભાવોથી અગોચર હોવાથી આત્મા દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મની ઉપાધિથી ઉપજેલા વિભાવગુણ-પર્યાયોથી રહિત છે. ઔદયિકાદિ ચારે ભાવોને અહીં આત્માથી અન્ય ભાવો કહ્યાં છે. આત્માનો જે અનાદિઅનંત એકરૂપ પારિણામિકભાવ છે તે જ આત્માનો સ્વભાવ છે ને બીજા બધાય ભાવો તે અન્ય ભાવો છે. પર્યાયના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી તેથી અહીં પર્યાયને અન્યભાવો કહેલ છે. ઔદયિકાદિ ભાવોને લક્ષમાં લેતાં ક્ષણિક પર્યાય અને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ ખ્યાલમાં આવે છે પણ ત્રિકાળી શુદ્ધાત્મા ખ્યાલમાં આવી શકતો નથી, માટે ત્રિકાળી શુદ્ધાત્મા દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત છે; એવો આત્મા જ શ્રદ્ધવાયોગ્ય છે.

ઔદયિકાદિ ચાર ભાવો ક્ષણિક છે તેના જેટલો આત્મા નથી. આઠ પ્રકારના જડ કર્મો તે દ્રવ્યકર્મ છે, ચૈતન્યભગવાન આત્મા તે દ્રવ્યકર્મોથી રહિત છે અને શરીર વગેરે નોકર્મથી પણ જુદો છે. જો જડ કર્મો અને શરીરાદિથી રહિત માને તો શુદ્ધઆત્મા જણાય, પણ હજી કર્મ અને શરીરથી પોતાને જુદો માનતો નથી તેને શુદ્ધાત્માની પ્રતીતિ થતી નથી. અજ્ઞાની જીવો શરીર અને કર્મો સાથે પોતાનું એકપણું માને છે, તોપણ તે તેનાથી જુદો જ છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

અદ્ધરથી ઉત્પન્ન થાય છે, અજ્ઞાની અજ્ઞાનને લીધે પર્યાયબુદ્ધિથી રાગને કરે છે, પણ રાગનું કારણ થાય એવો એક પણ ગુણ તેનામાં નથી. જેમ ભગવાન આત્મા રાગનું કારણ નથી તેમ એ રાગનું કાર્ય પણ નથી. પર્યાયબુદ્ધિમાં નિમિત્તને આધિન થઈને અદ્ધરથી જે રાગાદિ ઉત્પન્ન કરે છે તેનું કારણ દ્રવ્યસ્વભાવ નથી. (ક્રમશઃ)

**દેવ જિનેન્દ્ર, ગુરુ પરિગ્રહ બિન, ધર્મ દયાજુત સારો,**
**યેહુ માન સમકિતકો કારણ, અષ્ટ-અંગ-જુત ધારો. ૧૦. –શ્રી છઢાળા**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, અશુદ્ધતાનું કારણ કહે છે–

**सव्वे कम्म-णिबद्धा, संसरमाणा अणाइ-कालम्हि।**
**पच्छा तोडिय बंधं, सुद्धा सिद्धा धुवं होंति॥२०२॥**

અર્થ : બધા સંસારી જીવો અનાદિકાળથી કર્મબંધનથી બંધાયેલા છે, માટે સંસારમાં ભ્રમણ કરે છે. પછી કર્મોનું બંધન તોડી સિદ્ધ થાય છે, ત્યારે તેઓ શુદ્ધ ને નિશ્ચલ થાય છે.

અહીં પર્યાયમાં જીવની શુદ્ધતા અને અશુદ્ધતાનું નિમિત્ત બતાવે છે.

જીવે પોતે ભૂલ કરી છે તેથી કર્મોથી બંધાયેલો છે–એમ ઉપચારથી કહેવામાં આવે છે. વાસ્તવમાં જીવ પોતાની અશુદ્ધતાથી પરિભ્રમણ કરે છે, તેમાં કર્મ નિમિત્ત છે, તે કર્મનો નાશ જીવ કરે છે–આ પણ ઉપચારથી કહેવામાં આવે છે તથા જીવ અશુદ્ધતાનો નાશ કરે છે–એમ કહેવું તે પણ વ્યવહાર છે. જે સમય અશુદ્ધતા છે તે સમયે તેનો નાશ કરે–એમ નથી થતું પરંતુ શુદ્ધસ્વભાવના આશ્રયથી શુદ્ધતાનો ઉત્પાદ થવાથી અશુદ્ધતાનો ઉત્પાદ થતો થતો અને પૂર્વકર્મ તેના પોતાના કારણે અભાવરૂપ થઈ જાય છે, ત્યારે જીવ સર્વથા શુદ્ધ-મુક્ત-સિદ્ધ થાય છે.

હવે, જે બંધથી જીવ બંધાય છે, તે બંધનું સ્વરૂપ કહે છે–

**जो अण्णोण्णपवेसो, जीवपेसाण कम्मखंधाणं।**
**सव्वबंधाण वि लओ, सो बंधो होदि जीवस्स॥२०३॥**

અર્થ :–જો જીવના પ્રદેશોનું અને કર્મના સ્કંધનું આપસમાં પ્રવેશ થવું એટલે એક ક્ષેત્રરૂપ સંબંધ થવો અને પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ આદિ બધા બંધોનું એકરૂપ થાય તે જીવને પ્રદેશબંધ થાય છે.

આત્મા અસંખ્યપ્રદેશી છે, તેની સાથે એકક્ષેત્રમાં કર્મ પરમાણુ રહે છે, તે પ્રદેશ બંધ છે. જીવને સાચું બંધન તો અશુદ્ધભાવનું જ છે, ત્યારે ત્યાં નિમિત્તરૂપે દ્રવ્યકર્મનું

વસુ મદ ટારિ, નિવારિ ત્રિશઠતા, ષટ્ અનાયતન ત્યાગો,
શંકાદિક વસુ દોષ વિના, સંવેગાદિક ચિત પાગો; –શ્રી છઢાળા

બંધન છે. કર્મ પરદ્રવ્ય છે અને જીવ, ભિન્ન દ્રવ્ય છે, તેનો સંબંધ કહેવો તે તો માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન છે. કોઈના કારણે પરને કાંઈ થાય—એમ છે નહીં. જીવ અને કર્મ એકરૂપ થઈ જતા નથી, બંને અલગ-અલગ છે—આવી અલગતાના ભાનપૂર્વક જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું સાચું જ્ઞાન થાય છે.

હવે, સર્વ દ્રવ્યોમાં જીવદ્રવ્ય જ ઉત્તમ પરમતત્ત્વ છે, એમ કહે છે—

**उत्तमगुणाण धामं, सव्वदव्वाण उत्तमं दव्वं।**
**तत्त्वाण परमतत्त्वं, जीवं जाणेह णिच्छयदो॥२०४॥**

અર્થ : જીવદ્રવ્ય, ઉત્તમગુણોનું ધામ-સ્થાન છે, જ્ઞાન આદિ ઉત્તમગુણ તેમાં છે. સર્વ દ્રવ્યોમાં આ જ દ્રવ્ય પ્રધાન છે, સર્વ દ્રવ્યોને જીવ જ પ્રકાશિત કરે છે, બધા તત્ત્વોમાં પરમતત્ત્વ જીવ જ છે, અનંતજ્ઞાન સુખ આદિનો ભોક્તા પણ તે જ છે, આ પ્રમાણે હે ભવ્ય ! તું નિશ્ચયથી જાણ.

અહો ! ભગવાન આત્મા, સમસ્ત પદાર્થોમાં ઉત્તમ તત્ત્વ છે. તેમાં જ દૃષ્ટિ કરવી યોગ્ય છે. જ્ઞાન, આનંદ આદિ ઉત્તમગુણ, જીવના સિવાય અન્ય કોઈ દ્રવ્યમાં નથી. જીવમાં જ જ્ઞાનાદિ અનંત ગુણ છે. છએ દ્રવ્યો પોત-પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે પરંતુ તેને જાણવાવાળો જીવ છે, આ કારણે જીવ જ ઉત્તમ દ્રવ્ય છે. જીવને પોતાનો આત્મા જ ઉત્તમ દ્રવ્ય છે, પોતાના માટે બીજો આત્મા પણ ઉત્તમ દ્રવ્ય નથી.

સર્વજ્ઞદેવની પ્રતીતિ કોણે કરી ? જીવે જ કરી છે. માટે મુખ્યપણે સમસ્ત દ્રવ્યોમાં આત્મા જ મુખ્ય છે. સ્વદ્રવ્યના વગર પરને પ્રકાશિત કોણ કરે ? સાત તત્ત્વોમાં જીવ જ મહા-તત્ત્વ છે. અજીવતત્ત્વ ઉત્તમ નથી, તે તો જડ છે. જીવતત્ત્વથી ઉત્તમ બીજું કોઈ તત્ત્વ નથી. અનંત જ્ઞાન-દર્શન આનંદનો અનુભવ કરવાવાળો જીવ જ છે—એમ હે ભવ્ય ! તું જાણ.

જીવ જ પોતાના અનંત જ્ઞાન-અનંત દર્શન-અનંત સુખ આદિનો ઉપભોગ કરે છે, માટે જીવ જ પરમતત્ત્વ છે—એમ જાણીને, ધર્મી જીવ પોતાના આત્માની ભાવના ભાવે છે. વીતરાગ સર્વજ્ઞદેવ ઉત્તમ છે, અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ—આ ચાર લોકમાં ઉત્તમ છે પરંતુ તેને જાણ્યું કોણે ? જીવ વગર કોણ જાણે છે ? માટે પરમાર્થથી પોતાનો આત્મા જ ઉત્તમ તત્ત્વ છે—એમ જાણીને પોતાના આત્માની જ ભાવના કરવી જોઈએ.

**અષ્ટ અંગ અરુ દોષ પચીસોં, તિન સંક્ષેપૈ કહિયે,**
**બિન જાનેતૈં દોષગુનન કો, કૈસે તજિયે ગહિયે. ૧૧.　　–શ્રી છઢાળા**

હવે, જીવમાં જ ઉત્તમ તત્ત્વપણું કેમ છે ? તે કહે છે –

अंतरतत्त्वं जीवो, बाहिरतत्त्वं हवंति सेसाणि।
णाणविहीणं दव्वं, हियाहियं णेय जाणेदि।।२०५।।

અર્થ : જીવ અંતરતત્ત્વ છે, બાકીના બધા દ્રવ્ય બાહ્યતત્ત્વ છે. તે દ્રવ્ય જ્ઞાનરહિત છે અને હેય-ઉપાદેય વસ્તુને જાણતા નથી.

ભાવાર્થ : જીવતત્ત્વ વગર બધું જ શૂન્ય છે, માટે બધાને જાણવાવાળો તથા હેય-ઉપાદેયને જાણવાવાળો જીવ જ પરમતત્ત્વ છે.

પોતાનો આત્મા જ અંતઃતત્ત્વ છે, બાકીના બધા બાહ્યતત્ત્વ છે. જીવતત્ત્વ વગર સ્વ-પરના અસ્તિત્વને કોણ જાણશે ? જ્ઞાન વગર બધું શૂન્યવત્ છે, કારણ કે જ્ઞાન જ બધાના અસ્તિત્વને જાણે છે. જગતમાં તો સમસ્ત પદાર્થ છે પરંતુ જ્ઞાન વગર તેનું અસ્તિત્વ કોણ નક્કી કરશે ? જ્ઞાનના અસ્તિત્વમાં પરનું અસ્તિત્વ જણાય છે. જીવતત્ત્વ જ બધાનો પ્રકાશક અને હેય-ઉપાદેયનો વિવેક કરવાવાળો છે, માટે તે પરમતત્ત્વ છે. આ પર છે—એવો નિર્ણય કરવાવાળો જ્ઞાન છે. માટે જ્ઞાનનું અસ્તિત્વ નિશ્ચિત કર્યા વગર પરના અસ્તિત્વને જાણશે કોણ ? જીવતત્ત્વ જ બધાને જાણવાવાળો છે, તેના વગર બધું શૂન્ય છે. માટે બધાને જાણીને હેય-ઉપાદેયનો વિવેક કરવાવાળો પોતાનું નિજ આત્મતત્ત્વ જ પરમતત્ત્વ છે, તે જ ઉપાદેય છે—એમ જાણવું જોઈએ. આ પ્રકારે લોકના સમસ્ત પદાર્થોમાં ઉત્તમ જીવતત્ત્વનું વર્ણન કર્યું છે. (ક્રમશઃ) ❊

---

જીવ જે વખતે રાગ-દ્વેષના ભાવ કરે તે વખતે જ તેને તેના ફળનું–આકુળતાનું–વેદન હોય છે. માટે કર્તાપણું અને ભોક્તાપણું બન્ને એકસાથે જ છે. લોકો બાહ્ય દૃષ્ટિથી જુએ છે કે આણે પાપ કર્યાં તો તે નરકમાં ક્યારે જશે? આ જૂઠું બોલે છે તો એની જીભ કેમ તરત કપાતી નથી? પણ ભાઈ! જે વખતે તે હિંસા અને જૂઠા વગેરેના ભાવ કરે છે તે વખતે જ તેના ભાવમાં આકુળતાનું વેદન હોય છે; આકુળતાનું વેદન છે તે અવગુણનું જ વેદન છે. પોતાના સુખાદિ સ્વભાવનો ઘાત કર્યો તેથી તે વખતે જ તેના ભાવમાં ફળ મળી ગયું; તે વખતે જ ગુણની શક્તિનું પરિણમન જે ઘટી ગયું તે જ તેને ઊંધું ફળ મળી ગયું; જે અંતરમાં ફળ આવે છે તે જોતો નથી અને બહારથી ફળ આવે છે તેને જ જુએ છે તે પરાશ્રયદૃષ્ટિવાળો છે. બહારથી ફળ મળવું તે વ્યવહાર છે. બહારથી ફળ કોઈ વાર લાંબા કાળે અને કોઈ વાર ટૂંકા કાળે મળે છે, પણ અંતરનું ફળ તો તરત જ—તે ક્ષણે જ મળી જાય છે.

—પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ નં. ૧૬૧

---

**જિનવચમેં શંકા ન ધાર વૃષ–ભવસુખ-વાંછા ભાનૈ,**
**મુનિ-તન મલિન ન દેખ ઘિનાવૈ, તત્ત્વ-કુતત્ત્વ પિછાનૈ; –શ્રી છઢાળા**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા ૬-૭ ઉપર પ્રવચન નં. ૫)

ફરી દૃષ્ટાંત આપીને કહે છે કે કોઈ બે પક્ષી—ચકલા-ચકલી સાથે રહે છે, તેને તડકામાં પણ સંતોષ-સુખ લાગતું હતું, પરંતુ રાત્રે તે બંને જુદા પડી ગયા ને ત્યારે શીતળ કિરણવાળી ચાંદની હોવા છતાં તેને સંતાપ લાગે છે. માદા સાથે હોય ત્યારે તડકો પણ સારો લાગે ને રાત્રે તેના વિયોગમાં શીતળ ચાંદની પણ સહન થતી ન હતી કેમકે સ્ત્રી ઉપર પોતાની વાસના છે ને ! તેથી મનમાં દુઃખ હોય તેને લાખ-કરોડ અનુકૂળતા હોય તોપણ અરે ! મને ક્યાંય ઠીક પડતું નથી !—એમ લાગે.

મનમાં દુઃખને લઈને ક્યાંય શાંતિ લાગતી નથી. ચાર-ચાર દીકરા રાજકુમાર જેવા હોય, ૧૫-૨૦ લાખની મૂડી હોય, રોજની બે-અઢી હજારની આવક હોય, શરીર નીરોગી હોય છતાં મનમાં કલ્પના ઊભી કરે કે આનું આમ થયું ને તેમ થયું—એ ચિંતામાં ક્યાંય ચેન પડે નહીં ને પછી મૂકે પડતું-આત્મહત્યા ! બધું અનુકૂળ હોય છતાં મનમાં અશાંતિ હોય તો કાંઈ ઠીક લાગતું નથી. જો મનમાં શાંતિ હોય તો બહારની પ્રતિકૂળતા ગમે તે હોય તોપણ પોતે એકલો શાંતિને વેદે.

તેથી એમ સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયજન્ય સુખ વાસનામાત્ર છે. આ તો ઈષ્ટોપદેશ છે ને ! તેથી કહે છે કે આત્મા આનંદની મૂર્તિ છે, તેની દૃષ્ટિ કરવી તે જ ઈષ્ટ છે, પણ તેની દૃષ્ટિ ન કરતાં પર પદાર્થને વાસનામાત્રથી સુખ-દુઃખરૂપ માને છે, પરંતુ પરપદાર્થ કાંઈ ઈષ્ટ-અનિષ્ટ નથી, તેમ જ કર્મ કાંઈ તને સુખ-દુઃખ ઉપજાવતાં નથી. માત્ર વાસનાથી પરપદાર્થમાં સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે.

ભગવાન આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, ત્યાં દૃષ્ટિ દે, તને આનંદ આવશે. આત્મા વિશ્રામધામ છે, ત્યાં દૃષ્ટિ કર તો તને વિશ્રામ મળશે. રહેનારનું રહેવા યોગ્ય સ્થાન આત્મા છે. બાહ્ય રાગાદિ એ રહેનારનું સ્થાન નથી, એ તો રખડવાનું સ્થાન છે. ભાઈ ! તારે સ્થિરપણે રહેવું હોય તો તે સ્થાન તારો આત્મા છે. અતીન્દ્રિય આનંદનું સ્થાન, વિશ્રામધામ એ રહેનારનું રહેઠાણ છે માટે ત્યાં દૃષ્ટિ કર. ભગવાન આત્મા જ્ઞાનાનંદનું ધામ સ્થિર થવાનું સ્થાન, રહેનારનું રહેઠાણ છે.

**નિજ ગુણ અરુ પર ઔગુણ ઢાંકે, વા નિજધર્મ બઢાવૈ,**
**કામાદિક કર વૃષતૈં ચિગતે, નિજ-પરકો સુ દિઢાવૈ. ૧૨.** —શ્રી છઢાળા

બ્રહ્મદત્ત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી, સાતસો વર્ષનું આયુષ્ય પણ મરતાં હાય.... હાય... હા... કુરુમતિ.... કુરુમતિ...કરતાં કરતાં નરકે ગયો ! આત્માને જ્યાં અંદરમાં શાંતિ નથી ત્યાં બહારમાં ગમે તેટલા અનુકૂળતાના-પુણ્યના ઠાઠ હોય તોપણ કાંઈ તેને સુખ ઉપજાવતાં નથી. કારણ કે બાહ્ય પદાર્થ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી પણ મૂઢ જીવ વાસનામાત્રથી સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે.

તેથી એમ નક્કી થાય છે કે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારા સુખ વાસનામાત્ર જ છે, તે આત્માનું સ્વાભાવિક સુખ નથી. ભગવાન આત્મા અનાકુળ આનંદ પ્રભુ છે, તેમાં દૃષ્ટિ દેવાથી સ્વાભાવિક આનંદ ઊપજે એવું સ્થાન આત્મા છે. ગોળના રવામાંથી જે સ્વાદ નીકળે તે ગોળનો પોતાનો વાસ્તવિક સ્વાદ છે. તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રવો છે. તેમાં અંતર્મુખ દૃષ્ટિ દેતાં જે અતીન્દ્રિય આનંદ ઉપજે તે સ્વાભાવિક આનંદ છે. કલ્પનામાત્ર નથી. પણ વાસ્તવિક સુખ છે.

ઈન્દ્રને કરોડો ઈન્દ્રાણીઓ હોય પણ તેમાં સુખ એ તો વાસનામાત્ર કલ્પના છે અને આત્મામાં દૃષ્ટિ દેતાં જે અનાકુળ સુખ ઊપજે તે કલ્પનામાત્ર નથી પણ વાસ્તવિક સુખ છે. પરંતુ પોતે એવડો મોટો છે એ એને બેસતું નથી ! બીજો આવો મોટો... ઓહોહો... ! એમ બીજાને મોટપ આપે. પણ આ અંદર મોટો પદાર્થ આત્મા છે કે નહીં, એની કોઈ દિ' નજર પણ કરી નથી ને નજર કરવાની જરૂર છે એમ પણ જાણ્યું નથી.

પરપદાર્થ કાંઈ તને સુખ-દુઃખ આપતાં જ નથી, જે સ્ત્રી પહેલાં સારી લાગતી હતી તેને જ કહે મરને હવે ! જો પર પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ હોય તો જે પદાર્થ ઈષ્ટ લાગતા તે જ પદાર્થ અનિષ્ટ કેમ લાગે ? એ તો અજ્ઞાનને લઈને મૂઢ જીવની વાસનામાત્ર કલ્પના છે. સુખના દેનારા જેમ તે માન્યા હતાં તે જ દુઃખના દેનારા તેં માન્યા—એ બધી તારી વાસનામાત્ર કલ્પના છે ભાઈ ! પરવસ્તુ કાંઈ સુખ-દુઃખનું કારણ છે જ નહીં. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું કારણ છે ને ઊંધો પડીને વિકાર કરે તે દુઃખનું કારણ છે.

માટે સાર એ નીકળ્યો કે દેહધારીને બાહ્ય સંયોગમાં સુખ માનવું તે વાસનામાત્ર કલ્પના છે. વાસ્તવિક સુખ તેમાં છે જ નહીં. એ જ રીતે શરીરમાં રોગ આદિને લઈને હું દુઃખી છું—એ તો એની કલ્પના છે. મૂઢતાની મહેરબાનીથી પર પદાર્થમાં સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે. ૬.

**ધર્મીસોં ગૌ-વચ્છ-પ્રીતિ સમ, કર, જિનધર્મ દિપાવૈ,**
**ઇન ગુણતૈં વિપરીત દોષ વસુ, તિનકોં સતત ખિપાવૈ;** **–શ્રી છઢાળા**

આવું સાંભળીને શિષ્ય પ્રશ્ન કરે છે કે પર પદાર્થમાં સુખ-દુઃખ ખરેખર વાસનામાત્ર જ હોય તો લોકોને કેમ ખબર પડતી નથી? આપ કહો છો કે ઇન્દ્રિયના વિષયોમાં સુખ-દુઃખ વાસનામાત્ર કલ્પના છે તો લોકોને એમ કેમ ખ્યાલ આવતો નથી? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ ગાથા કહે છે :—

मोहेन संवृतं ज्ञानं स्वभावं लभते न हि ।
मत्तः पुमान् पदार्थानां यदा मदनकोद्रवैः ।।७।।
મોહે આવૃત જ્ઞાન જે, પામે નહીં નિજરૂપ,
કોદ્રવથી જે મત્ત જન, જાણે ન વસ્તુસ્વરૂપ. ૭.

પોતાના અસાધારણ એવા આનંદ સ્વભાવને અજ્ઞાની મોહના લઈને પામતા નથી. અજ્ઞાની મોહનીય કર્મના ફળમાં જોડાઈ જઈને પોતાના અસાધારણ સ્વભાવને પામતા નથી. તેથી તેને પરમાં સુખ-દુઃખ છે એમ ભાસી જાય છે. ભગવાન આત્માના અસાધારણ સ્વભાવને નહીં પ્રાપ્ત કરતો થકો સ્વભાવમાં નહીં જોડાઈને વિભાવમાં જોડાવાથી પર પદાર્થમાં સુખ-દુઃખની કલ્પના કરે છે.

ભગવાન આત્માએ પોતાના સ્વભાવ તરફ લક્ષ કરીને પોતાનો વિકાસ કરવો જોઈએ તે છોડી દઈને મોહના પાકમાં જોડાઈને પોતાનો વિકાસ રુંધ્યો છે. બાપુ! કર્મ મને નુકસાન કરે છે એ વાત તને કેમ ગોઠે છે? તું તને નુકસાન કરે છે, ત્યારે કર્મ તેમાં નિમિત્ત કહેવાય છે—એ વાત તને કેમ ગોઠતી નથી? દસ વર્ષનો છોકરો ફરિયાદ કરે કે તેનાથી નાના છોકરાએ તેને માર્યું, તો મા કહે કે એલા! ઢગો છો! તારાથી નાનો છોકરો તને મારી ગયો? તેમ એલા! ઢગો છો? તું આત્મા અને કર્મ તને નુકસાન કરાવે? આવી રાવ-ફરિયાદ ક્યાંથી લાવ્યો? મૂરખ છો! કર્મ તને હેરાન કરતા નથી પણ તું તને હેરાન કરે છે ને રાવ કરે છે કે કર્મ મને હેરાન કરે છે.

જ્ઞાનાનંદ પ્રભુના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક શાંતિ પ્રાપ્ત કરવાને બદલે કર્મના પાકને વશ થઈને—પોતે વશ થાય છે હો! પરપદાર્થનું વાસ્તવિક સ્વરૂપ જાણતા નથી, અવિકારી સ્વભાવને તું તારા શ્રદ્ધા-જ્ઞાનમાં લેતો નથી માટે વિકારના ભાવને તું તારા અપરાધથી કરે છે.

(ક્રમશઃ) ❊

પિતા ભૂપ વા માતુલ નૃપ જો, હોય ન તો મદ ઠાનૈ,
મદ ન રૂપકૌ, મદ ન જ્ઞાનકૌ, ધન-બલકૌ મદ ભાનૈ. ૧૩. –શ્રી છઢાળા



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

તે બધા જડ છે, પર છે છતાં તેમાં સુખ છે એમ માને છે. તેમાં સુખ નથી, છતાં સુખ કલ્પે છે. માટે અનુત્પન્નને પેદા કર્યું તથા અચેતનને ચલાવ્યું–એમ કહે છે. મરેલાનું જતન અનાદિથી કરે છે. જૂઠી માન્યતાથી તારું કર્યું કાંઈ જડ ચેતન ન થાય. તું જ એવી જૂઠી કલ્પનાથી દુઃખ પામે છે. લક્ષ્મીમાંથી સુખ આવે એમ નથી. શાસ્ત્રમાંથી જ્ઞાન આવે એમ નથી. તું જૂઠ કલ્પનાથી દુઃખ પામે છે. જૂઠી કલ્પનાથી શું ફાયદો છે ? સંસારના ફંદમાં પોતે ખૂંચી ગયો છે. પોતાના વિપરીત ભાવના ફંદમાં પોતે પડ્યો છે. ઊંધી દૃષ્ટિએ તથા પરના અનુભવે સંસાર છે ને સાચી દૃષ્ટિએ તથા સ્વના અનુભવે મોક્ષ છે.

ત્યાગી થાય તોપણ કહે કે કર્મ સંસારમાં રખડાવે, પણ તે ભૂલ છે. પોતે કોણ છે ? તેના વિચાર વિના ભૂલ્યો છે. ચિદાનંદની ખાણ ભૂલ્યો. આત્મા અનંતચતુષ્ટય-જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્યની મૂર્તિ છે, પણ તેને ભૂલીને અનંતચતુષ્ટયને મેલું કરે છે.

એ ચેતન ! વિચાર કર, મારો કરેલો ફંદ એવો છે, જાણે આકાશ બાંધ્યું, પણ અરૂપી સર્વવ્યાપક આકાશ વાદળાથી કદી બંધાય નહીં તેમ ચૈતન્યસ્વભાવ કદી બંધાય નહીં. એકલાં કર્મ હોત તો તને નુકસાન ન કરત તે તો તું આવર્યો ન જાત; પણ તારું અજ્ઞાન તને ભૂલવે છે.

કર્મ જડ છે. આત્મા તેના વડે બંધાતો નથી. કર્મથી બંધાયો તેમ કહેવું તે વ્યવહારકથન છે.

જડની શક્તિ નાની છે. તારી શક્તિ મોટી છે. તું કર્મમાં જોડાઈને રાગ કરે છે, એકલાં કર્મ જ હોત ને તારામાં ભૂલ ન હોત તો તારી શક્તિ હણાત નહિ, કેમકે તારી શક્તિ મોટી છે.

તારી શુદ્ધ શક્તિ મોટી છે ને શરીર, વાણી, મન, પુણ્ય-પાપ મારાં છે, એમ માની ઊંધાઈ તું કરે છે. તે ઊંધી શક્તિ પણ મોટી છે. કર્મથી તને નુકશાન નથી, તે જડ છે, તેની

**તપકૌ મદ ન, મદ જુ પ્રભુતાકૌ કરૈ ન, સો નિજ જાનૈ,**
**મદ ધારૈ તો યહી દોષ વસુ, સમકિતકૌ મલ ઠાનૈ; –શ્રી છઢાળા**

નાની શક્તિ છે. તારો શુદ્ધ સ્વભાવ મહંત છે. કર્મ કિંચિત્ રોકતાં નથી. જીવની મૂર્ખાઈ પણ મોટી છે. કર્મની જોરાવરી નથી. તારી ચિંતવણી તારે ગળે પડી છે. હું દયા પાળનાર છું, હું જાત્રા કરનાર છું—એવો વિકલ્પ મારું સ્વરૂપ છે, તે જ ચિંતવણી તારે ગળે પડી છે. જડ કર્મને ખબર નથી. ચૈતન્યશક્તિ પરમાનંદમય છે, તેને ચૂકી હું રાગી છું, હું ભક્તિ કરું છું, હું વિકારી થઈ ગયો—એવી માન્યતા ચોરાશીમાં રખડવાનું કારણ છે.

ચિદાનંદનું ચિંતવન કરે કે મારો જ્ઞાન ને આનંદ મારામાં છે તો ધર્મ ને અનુભવ થાય.

હું રાગી છું, હું પરનું ભલું કરી શકું છું તેવી ચિંતવણી અશુદ્ધ અનુભવ છે, તેને લીધે જીવ રખડે છે, કર્મ પકડતું નથી, કર્મ તો તારા જ્ઞાનનું જ્ઞેય છે પણ અજ્ઞાની શરીરથી ને વ્યવહારથી ધર્મ માને છે તે માન્યતા તેને ચોરાશીમાં રખડાવે છે.

પરને દેખી પોતાને ભૂલ્યો. હું ચિદાનંદ છું એમ ચૂકી ગયો. જડ કર્મ, વિકાર, પુણ્ય-પાપને દેખીને પોતાની શક્તિ ભૂલ્યો. દયા, દાન, વ્રત, પૂજા આદિથી ધર્મ છે એવી માન્યતાથી મિથ્યાત્વ થાય છે.

જડકર્મમાં તેં અવિદ્યાનું નિમિત્તપણું આપ્યું છે. અશુદ્ધ ચિંતવન ન કર તો કર્મનું જોર નથી. “દર્શનમોહનીયનું જોર છે તેથી મિથ્યાભ્રાંતિ થાય છે, ચારિત્રમોહનીયનું જોર છે તેથી રાગદ્વેષ થાય છે.”—એમ અજ્ઞાની માને છે. અહીં કહે છે કે તેનું જોર નથી પણ તારી અશુદ્ધ ચિંતવણીથી ભૂલ્યો છો. તું જ્ઞાનાનંદ શક્તિ તારી છે—તેવી પ્રતીતિ કર. પુણ્ય-પાપ, દયા દાનાદિમાં ધર્મ માનવો તથા પૈસા, શરીર, સ્ત્રી વગેરેને મેળવું તો સુખ મળે તે બધી ભ્રાંતિ છે. નિમિત્તોને મેળવવાની ભાવના તે પરની ભાવના છે. આવી ભાવના કરી અજ્ઞાની ચોરાશીના અવતાર કરે છે. રાગની ભાવના કરવી તે મિથ્યાત્વ છે. આવો ને આવો રાગ કાલે થજો એ તો વિકારની ભાવના થઈ, તે ભાવના મિથ્યાત્વ છે.

તો કેવી ભાવના કરવી? પોતે જ્ઞાનાનંદ છે, અવિનાશી, હું ઉપમા વિનાનો છું. મારો સ્વભાવ ચલપણા રહિત છે, પુણ્ય-પાપ ચલ છે. મારું પદ પરમ છે. આનંદઘન મારું પદ નિર્દોષ છે, વિકાર દુઃખમય છે, મારો સ્વભાવ અવિકારી છે, હું સારરૂપ છું, ત્રિકાળી છું, ચિત્ ને આનંદરૂપ છું. આવી નિજ ભાવનાથી પરમાત્મદશાને પામે પણ ક્રિયાકાંડથી મુક્તિ પામે—તેમ બનતું નથી. ક્રિયાકાંડથી ધર્મ થતો નથી પણ હું નિત્યાનંદ છું

કુગુરુ-કુદેવ-કુવૃષસેવકકી, નહિં પ્રશંસ ઉચરૈ હૈ,
જિનમુનિ જિનશ્રુત વિન કુગુરાદિક, તિન્હૈં ન નમન કરે હૈં. ૧૪.　　—શ્રી છઢાળા

એવા અમૃતના અનુભવથી જરા અને જન્મરહિત સિદ્ધદશાને પામું, આ મુક્તિની ક્રિયા છે.

પોતાનું પદ જ્ઞાનાનંદમય છે. સમવસરણ જડ છે તેમાં તીર્થંકરપણું નથી. સમવસરણ પુણ્યનું ફળ છે, તીર્થંકરપણું આત્મામાં છે માટે બધા કરતાં પોતાનું પદ ઊંચું છે. ઈન્દ્રોથી પણ પૂજ્ય હોય તો તે આત્મા છે. માટે પોતાનું સ્વરૂપ સકલ પૂજ્યપદ છે. પરમધામનું સ્થાન આત્મા પામે છે. સર્વાર્થસિદ્ધિનો દેવ થાય તે પુણ્યનું ફળ છે, તે પરમધામ નથી. વળી રમવાને લાયક પોતાનું પદ છે. પોતાના સન્મુખ રહેવું તે ખરું પદ છે. વિકાર ને નિમિત્તની દૃષ્ટિ છોડી પોતામાં આનંદ છે, પોતામાં અનંત ગુણો છે. જ્ઞાન જ્ઞાનનો અનુભવ કરે તે પોતામાં છે, રાગમાં નથી નિત્યાનંદ છું એવી પ્રતીતિ કરવાથી સ્વાનુભવ થાય છે. પોતાનું પદ પરમેશ્વર છે, તે પદને કોઈ ઉપમા નથી. દેવાધિદેવપણું ચૈતન્યપદમાં છે, કેવળજ્ઞાન પ્રગટ થાય તે આત્મામાંથી થાય છે. માટે દેવાધિદેવપણું આત્મામાં છે પોતાના આત્મા સિવાય બીજું કોઈ ઊંચું નથી, પૂજ્ય નથી, પરમધામ નથી, અભિરામ (સુંદર) નથી. પોતાના અનંતગુણ બીજામાં નથી. પોતાનો સ્વસંવેદન રસ—પોતાનો અનુભવ પરમાં નથી. પોતે પરમેશ્વર, જ્યોતિસ્વરૂપ ને અનુપમ દેવાધિદેવ છે. તેમાં સર્વ પદો છે માટે પોતાનું પદ ઉપાદેય છે.

શરીર, મન, વાણી જડ છે, પુણ્ય-પાપ વિકાર છે, તેથી હેય છે. ચૈતન્યપદ ઉપાદેય છે એવી દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન, એવું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન ને એવું આચરણ કરવું તે સમ્યક્ચારિત્ર છે.

જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ છોડવા લાયક છે. સોલહકારણ-ભાવના હેય છે, પોતાથી પર એવાં બધાં પદ હેય છે. પોતે ઉપાદેય છે—આવી અંતર્દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

તારા નિજાનંદ સ્વભાવનું સમ્યગ્દર્શનથી એકદેશ અવલોકન એવું છે કે ઈન્દ્રોની સંપદા વિપદારૂપ ભાસે. આત્મા જ્ઞાનાનંદ છે એવી સાચી દૃષ્ટિ થતાં ઈન્દ્રપદ, શેઠાઈ, રાજાપણું વગેરે વિકારરૂપ ભાસે. તારો આનંદકંદ આત્મા તારી પાસે પડ્યો છે. તેનું અવલોકન કર ને પ્રતીતિ કર. સ્વભાવ સન્મુખ દૃષ્ટિથી ધર્મ થાય છે. લાખો જાત્રા કે વ્રતાદિ કરે, તેમાં કષાય મંદ કરે તો પુણ્ય થાય છે, પણ ધર્મ થતો નથી. ચિદાનંદ સ્વરૂપની પ્રતીતિ કરી લીનતા કરે તો ધર્મ થાય છે. (ક્રમશઃ) ❊

દોષરહિત ગુણસહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં,
ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં; –શ્રી છઢાળા

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ધર્મની પહેલી ભૂમિકા ભાગ-૩

### (૩૦) ટોપી ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ

જુઓ, આ એક લૂગડાંની ટોપી છે. તે અનંત પરમાણુઓ ભેગા થઈને બનેલી છે અને તે ફાટી જતાં પરમાણુઓ છૂટા થાય છે. આ રીતે ભેગા થવું અને છૂટા થવું એવો પુદ્‌ગલનો સ્વભાવ છે. વળી આ ટોપી સફેદ છે. બીજી કોઈ કાળી, રાતી વગેરે રંગની ટોપી પણ હોય છે. રંગ એ પુદ્‌ગલ દ્રવ્યનું ચિહ્ન છે, તેથી નજરે દેખાય છે. તે પુદ્‌ગલ દ્રવ્ય છે. (૧) 'આ ટોપી છે પણ ચોપડી નથી' એમ જાણનાર જ્ઞાન છે. અને જ્ઞાન તે જીવનું ચિહ્ન છે, તેથી જીવ પણ સિદ્ધ થયો. (૨) હવે વિચારીએ કે ટોપી ક્યાં રહેલી છે ? જો કે નિશ્ચયથી તો ટોપી ટોપીમાં જ છે. (પરંતુ ટોપી ટોપીમાં જ છે) એમ કહેવાથી ટોપીનો બરાબર ખ્યાલ ન આવી શકે, તેથી નિમિત્ત તરીકે 'અમુક જગ્યામાં ટોપી રહેલ છે' એમ ઓળખાવાય છે, 'જગ્યા' કહેવાય છે તે આકાશ દ્રવ્યનો અમુક ભાગ છે. આ રીતે આકાશ દ્રવ્ય પણ સિદ્ધ થયું.

(૩) ધ્યાન રાખજો, હવે આ ટોપી બેવડી વળે છે. ટોપી જ્યારે સીધી હતી ત્યારે આકાશમાં હતી અને બેવડી છે ત્યારે પણ આકાશમાં જ છે. તેથી આકાશના નિમિત્ત વડે ટોપીનું બેવડાપણું ઓળખી શકાતું નથી. તો પછી ટોપીની બેવડી થવાની ક્રિયા થઈ તેને ક્યા નિમિત્ત વડે ઓળખશું ? ટોપી બેવડી થઈ એટલે કે પહેલાં તેનું ક્ષેત્ર લાંબું હતું, હવે તે ટૂંકા ક્ષેત્રમાં રહેલી છે. આ રીતે ટોપી ક્ષેત્રાંતર થઈ છે અને તે ક્ષેત્રાંતર થવામાં જે વસ્તુ નિમિત્ત છે તે ધર્મદ્રવ્ય છે. (૪) હવે ટોપી વળાંકરૂપે સ્થિર પડી છે, તો સ્થિર પડી છે એમાં તેને કોણ નિમિત્ત છે ? આકાશદ્રવ્ય તો માત્ર જગ્યા આપવામાં નિમિત્ત છે. ટોપી ચાલે કે સ્થિર રહે તેમાં આકાશનું નિમિત્ત નથી. જ્યારે ટોપીએ સીધી દશામાંથી વાંકી દશારૂપે થવા માટે ગમન કર્યું ત્યારે ધર્મદ્રવ્યનું નિમિત્ત હતું, તે હવે સ્થિર રહેવાની ક્રિયામાં તેના કરતાં વિરુદ્ધ નિમિત્ત જોઈએ. ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત હતું, હવે સ્થિર રહેવામાં અધર્મદ્રવ્ય નિમિત્તરૂપ છે. (૫) ટોપી પહેલાં સીધી હતી, અત્યારે વાંકી છે અને હવે પછી અમુક વખત તે રહેશે– આમ જાણ્યું ત્યાં 'કાળ' સિદ્ધ

> ગેહી પૈ ગૃહમેં ન રચૈં, જ્યોં જલતૈં ભિન્ન કમલ હૈ,
> નગરનારિકો પ્યાર યથા, કાદેમેં હેમ અમલ હૈ. ૧૫. –શ્રી છઢાળા

થઈ ગયો. ભૂત, વર્તમાન, ભવિષ્ય અથવા તો જૂનું-નવું, દિવસ, કલાક વગેરે જે ભેદો પ્રવર્તે છે તે ભેદો કોઈ એક મૂળ વસ્તુ વગર હોઈ શકે નહીં. ઉપર્યુક્ત બધા ભેદો કાળ દ્રવ્યના છે. જો કાળદ્રવ્ય ન હોય તો 'નવું-જૂનું, પહેલાં-પછી' એવી કોઈ પ્રવૃત્તિ હોઈ શકે નહિ, માટે કાળદ્રવ્ય સિદ્ધ થયું. (૬) આ રીતે ટોપી ઉપરથી છ દ્રવ્યો સિદ્ધ થયા.

આ છ દ્રવ્યોમાંથી એક પણ દ્રવ્ય ન હોય તો જગત વ્યવહાર ચાલી શકે નહીં. જો પુદ્‌ગલ ન હોય તો ટોપી જ ન હોય. જો જીવ ન હોય તો ટોપીનું હોવાપણું કોણ જાણી શકે ? જો આકાશ ન હોય તો ટોપી ક્યાં છે તે ઓળખાવી શકાય નહિ, જો ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય ન હોય તો ટોપીમાં થતો ફેરફાર (ક્ષેત્રાંતર અને સ્થિરતા) ઓળખાવી શકાય નહિ. અને જો કાળદ્રવ્ય ન હોય તો 'પહેલાં જે ટોપી હતી તે જ અત્યારે વાંકી છે' એમ પૂર્વે ટોપીનું હોવાપણું ન થઈ શકે, માટે ટોપીને સિદ્ધ કરવા માટે છએ દ્રવ્યનો સ્વીકાર કરવો પડે છે. જગતની કોઈપણ એક વસ્તુને કબૂલતાં વ્યક્તપણે કે અવ્યક્તપણે છએ દ્રવ્યોનો સ્વીકાર થઈ જાય છે.

**(૩૧) મનુષ્ય શરીર ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ**

આ શરીર તો નજરે દેખાય છે તે પુદ્‌ગલનું બનેલું છે અને શરીરમાં જીવ રહેલો છે. જીવ અને પુદ્‌ગલ એક આકાશની જગ્યામાં રહ્યા હોવા છતાં બંને જુદા છે, જીવનો સ્વભાવ જાણવાનો છે અને પુદ્‌ગલનું બનેલું આ શરીર કાંઈ ચાલતું નથી. શરીરનો કોઈપણ ભાગ કપાઈ જવા છતાં જીવનું જ્ઞાન કપાઈ જતું નથી. જીવ તો આખો જ રહે છે કેમકે શરીર અને જીવ સદાય જુદા જ છે, બંનેનું સ્વરૂપ જુદું છે અને બંનેના કામ પણ જુદાં જ છે. આ જીવ અને પુદ્‌ગલ તો સ્પષ્ટ છે. (૧-૨) જીવ અને શરીર ક્યાં રહેલાં છે ? અમુક ઠેકાણે પાંચ ફૂટ જગ્યામાં, બે ફૂટ જગ્યામાં વગેરેમાં રહેલાં છે આ રીતે 'જગ્યા' કહેતાં આકાશદ્રવ્ય સિદ્ધ થયું.

(૩) એ ધ્યાન રાખવું કે જીવ અને શરીર આકાશમાં રહ્યા છે એમ કહેવાય છે ત્યાં ખરેખર જીવ, શરીર અને આકાશ—ત્રણે સ્વતંત્ર જુદા જ છે. કોઈ એક બીજાના સ્વરૂપમાં ઘૂસી ગયા નથી. જીવ તો જાણનાર સ્વરૂપે જ રહ્યો છે. રંગ, ગંધ વગેરે શરીરમાં જ છે પણ આકાશ કે જીવ વગેરે કોઈમાં તે નથી, અને આકાશમાં રંગ, ગંધ વગેરે નથી તેમ જ જ્ઞાન પણ નથી. તે અરૂપી—અચેતન છે, જીવમાં જ્ઞાન છે પણ રંગ, ગંધ વગેરે છે પણ જ્ઞાન નથી એટલે તે રૂપી—અચેતન છે. આ રીતે ત્રણે દ્રવ્યો

**પ્રથમ નરક વિન ષટ્ ભૂ જ્યોતિષ વાન ભવન ષંઢ નારી,**
**થાવર વિકલત્રય પશુમેં નહિ, ઉપજત સમ્યક્ધારી;** –શ્રી છઢાળા

એકબીજાથી જુદા-સ્વતંત્ર છે. સ્વતંત્ર વસ્તુઓને કોઈ બીજી વસ્તુ કાંઈ કરી શકે નહી. જો એક વસ્તુમાં બીજી વસ્તુ કાંઈ કરતી હોય તો વસ્તુને સ્વતંત્ર કેમ કહેવાય ?

જીવ, પુદ્‌ગલ અને આકાશ નક્કી કર્યા. હવે કાળ નક્કી કરીએ. 'તમારી ઉંમર કેટલી ?' એમ પૂછવામાં આવે છે ત્યાં શરીરની ઉંમર ૪૦-૫૦ વર્ષો વગેરેની કહેવાય છે અને જીવ અનાદિ-અનંત હોવાપણે છે. 'આ મારા કરતાં પાંચ વર્ષ નાના, આ પાંચ વર્ષ મોટા' એમ કહેવાય છે ત્યાં શરીરના કદથી નાના-મોટાપણાની વાત નથી પણ કાળ અપેક્ષાએ નાના-મોટાપણાની વાત છે. જો કાળદ્રવ્યની અપેક્ષા ન લ્યો તો 'આ નાનો, આ મોટો, આ બાળક, આ યુવાન, આ વૃદ્ધ ! એમ કહી શકાય નહીં. જૂની-નવી દશા બદલાયા કરે છે તે ઉપરથી કાળદ્રવ્યનું હોવાપણું નક્કી થાય છે.

(૪) ક્યારેક જીવ અને શરીર સ્થિર થાય હોય છે અને ક્યારેક ગમન કરતાં હોય છે. સ્થિર હોવા વખતે તેમજ ગમન કરતી વખતે—બંને વખતે તે આકાશમાં જ છે, એટલે આકાશ ઉપરથી તેમનું ગમન કે સ્થિર રહેવાપણું નક્કી થઈ શકતું નથી. ગમનરૂપ દશા અને સ્થિર રહેવારૂપ દ્રવ્યોને ઓળખવા પડશે. ધર્મદ્રવ્યના નિમત્ત વડે જીવ-પુદ્‌ગલનું ગમન ઓળખી શકાય છે અને અધર્મદ્રવ્યના નિમિત્ત વડે જીવ-પુદ્‌ગલની સ્થિરતા ઓળખી શકાય છે. જો આ ધર્મ અને અધર્મ દ્રવ્યો ન હોય તો ગમન અને સ્થિરતાના ભેદને ઓળખી શકાય નહીં.

(૫-૬) જોકે ધર્મ-અધર્મ દ્રવ્યો જીવ-પુદ્‌ગલને કાંઈ ગતિ કે સ્થિતિ કરવામાં મદદરૂપ નથી, પરંતુ એક દ્રવ્યના ભાવને અન્યદ્રવ્યની અપેક્ષા વગર ઓળખાવી શકાતાં નથી. જીવના ભાવને ઓળખવા માટે અજીવની અપેક્ષા આવે છે. જાણે તે જીવ—એમ કહેતાં જ 'જાણપણા વગરનાં અનેક દ્રવ્યો છે તે જીવ નથી' એમ અજીવની અપેક્ષા આવી જાય છે. જીવ અમુક જગ્યાએ છે એમ બતાવતાં આકાશની અપેક્ષા આવે છે. આ પ્રમાણે છએ દ્રવ્યોમાં અરસપરસ સમજી લેવું. એક આત્મદ્રવ્યનો નિર્ણય કરતાં છએ દ્રવ્યો જણાય છે, એ જ્ઞાનની વિશાળતા છે, અને જ્ઞાનનો સ્વભાવ સર્વ દ્રવ્યોને જાણી લેવાનો છે એમ સિદ્ધ થાય છે. એક દ્રવ્યને સિદ્ધ કરતાં છએ દ્રવ્યો સિદ્ધ થઈ જાય છે. તેમાં દ્રવ્યની પરાધીનતા નથી પરંતુ જ્ઞાનનો મહિમા છે. જો પદાર્થ હોય તે જ્ઞાનમાં જરૂર જણાય, પૂર્ણ જ્ઞાનમાં જેટલું જણાય તે સિવાય અન્ય કાંઈ આ જગતમાં નથી. પૂર્ણ જ્ઞાનમાં છ દ્રવ્યો જણાયા છે, છ દ્રવ્યથી અધિક બીજું કાંઈ નથી. (ક્રમશઃ) ❊

**તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન–સો સુખકારી,**
**સકલ ધરમકો મૂલ યહી, ઇસ બિન કરની દુખકારી. ૧૬. –શ્રી છઢાળા**

પંડિતરત્ન હિંમતભાઈ જે. શાહ રચિત

# શ્રી સમયસાર-સ્તુતિનો અર્થ

**સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,**
**સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;**

સંસારી જીવોનાં મોહ-રાગ-દ્વેષમય ભાવો દ્વારા થતાં ભાવમરણો ટાળવા કરુણા કરીને હે મહાવીર ભગવાન! આપે સંજીવનીરૂપે અધ્યાત્મની અમૃતમયી નદી વહાવી—જે દ્વારા જીવોને સત્ય જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન આપ્યું.

**શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,**
**મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.**

જે અધ્યાત્મની અમૃતમયી સરિતા આગમ-પરમાગમ દ્વારા શ્રી મહાવીરભગવાને વહાવી હતી તે ધીમે ધીમે સુકાતી જોઈને અને મોક્ષમાર્ગ લુપ્ત થતો દેખીને, લોકો કોના આધારે જીવન ટકાવશે? એમ કરુણાભીના હૃદયે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે વિચારતાં તેમણે સમયસારરૂપી ભાજનમાં તે અમૃતમયી સંજીવની—ઔષધિ ભરી લીધી, જેનાં અમૃત મુમુક્ષુનું ભાવજીવન અને અધ્યાત્મજીવન ટકાવે છે.

**કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,**
**ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.**

વસ્તુનું મૂળભૂત સ્વરૂપ બતાવનારું ઉત્તમોત્તમ અમૃતરૂપી શ્રી સમયસારશાસ્ત્ર શ્રીમદ્‌ભગવત્- કુંદકુંદાચાર્યદેવે રચ્યું અને શ્રી અમૃતચંદ્રાચાર્યે તેમાં ખૂબ જ ભાવથી સાથિયા પૂર્યા—જેમ મંદિર આગળ હોંશથી પોતાની ભક્તિ ઉછાળવા–શોભા કરવા રંગોળી પૂરે—સાથિયા કરે, તેમ શ્રી અમૃતચંદ્રાચાર્યે તેની અદ્‌ભુત ટીકા રચીને તેમાં સાથિયા પૂર્યા—તેનાં ઊંડાં રહસ્યો ખોલ્યાં.

શ્રી સમયસાર ઉત્તમ અધ્યાત્મગ્રંથોમાં ગ્રંથાધિરાજ છે. હે ગ્રંથાધિરાજ ! તારામાં બ્રહ્માંડના ભાવો ભર્યા છે, જેનાથી જગતના જીવોનું ભવભ્રમણ ટળે છે.

**અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,**
**મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;**

**મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન-ચરિત્રા,**
**સમ્યક્‌તા ન લહૈ, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા; –શ્રી છઢાળા**

**અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,**
**વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.**

હે સમયસાર જિનવાણી ! તારી વાણી આશ્ચર્યકારક ઊંડા ભાવોથી ભરેલી છે, પ્રશમરસભાવે નીતરી રહી છે, જે મુમુક્ષુજીવોને શાંત શાંત કરી દે તેવી છે; અને મુમુક્ષુઓને અંજલિ ભરી ભરીને અમૃતરસનું પાન કરાવે છે, જેથી અનાદિની મોહમયી વિષની મૂર્છા ઝડપથી ઊતરી જાય છે; અને મુમુક્ષુની પરિણતિ જે બહિર્મુખ (વિભાવ તરફ) જતી હતી, ત્યાંથી થંભી જઈને, દિશા બદલીને પોતાના ત્રિકાળી સ્વરૂપ તરફ વેગથી–ઝડપથી દોડતી આવે છે.

**તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,**
**તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;**

હે સમયસાર! તું વ્યવહારજ્ઞાનના સઘળા ભંગ- ભેદોને તોડવા માટેનો અને નિશ્ચયથી 'હું પરિપૂર્ણ જ્ઞાનમૂર્તિ ભગવાન છું' તે બતાવનારો અનુપમ નિશ્ચય- ગ્રંથ છે.—નિશ્ચયના આલંબનથી જ મુક્તિ થાય છે.

તું જ્ઞાન અને ઉદયની સૂક્ષ્મ સંધિને છેદવા માટે તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી છે; એટલે સમયસારમાં કહેલ તત્ત્વજ્ઞાન, જ્ઞાન અને ઉદય વચ્ચે પડતાં જ જ્ઞાનને આત્મામાં નાખે છે અને ઉદયને કર્મમાં નાખે છે;–તેમ બન્નેને જુદા પાડીને આત્માને મોક્ષમાં લઈ જાય છે. આમ તું જ પ્રજ્ઞાછીણીનું મૂર્ત સ્વરૂપ છે.

**સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,**
**વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.**

હે સમયસાર જિનવાણી! તું સાધકનો ઉત્તમ સાથી છે; એટલે સમયસારમાં કહેલ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન મોક્ષમાર્ગમાં સાથીરૂપ થાય તેવું છે. વળી તત્ત્વજ્ઞાનરૂપી પ્રકાશ જગતમાં ફેલાવી આત્માનું આખું અધ્યાત્મસ્વરૂપ બતાવનાર તું જગતનો સૂર્ય છે. મહાવીરભગવાનનો તું સંદેશ છે, એટલે કે "સમયસારે જે સત્ય તત્ત્વજ્ઞાન કહ્યું છે તે જગતના જીવો ઓળખીને—પોતાનું તેવું જીવન બનાવીને—નિજકલ્યાણ કરી લે." તેથી તું જ મહાવીરભગવાનનો સંદેશ છે.

જેને આ દુ:ખમય સંસારથી છૂટીને અંદરમાં મુક્ત થવું છે એવા ભવભ્રમણથી થાકેલા જીવનો તું વિસામો છે; એટલે કે સમયસારની અંદર કહેલાં તથ્યો—જેવાં કે દરેક

**'દૌલ' સમઝ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ,**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ. ૧૭. –શ્રી છઢાળા**

દ્રવ્ય સ્વતંત્ર છે, દ્રવ્ય અપેક્ષાએ અશુદ્ધિ વખતે પણ તું પરિપૂર્ણ શુદ્ધ છે વગેરે તથ્યો— વિસામારૂપ છે. તું મુક્તિનો પંથ છે. તારાં કહેલાં તથ્યોથી જીવન ઘડે અને ત્રિકાળ ધ્રુવ આત્મામાં વિશેષ વિશેષ જોર–ઝુકાવ કરે તો જ મુક્તિ થાય. તેથી તું જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મુક્તિનો પંથ છે.

**સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,**
**જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;**

હે સમયસાર પરમાગમ! તને સુણતાં કર્મના રસનો બંધ શિથિલ થાય છે, એટલે કે સમયસારને અંદરથી મહિમાપૂર્વક સાંભળતાં આંકરાં કર્મ બંધાતાં નથી અને પૂર્વકર્મના રસ પણ મંદ પડે છે.

સમયસારને જાણતાં જ્ઞાનીનાં હૃદય જણાય છે કે, જ્ઞાનીનાં હૃદયમાં બંધમાર્ગ અને મોક્ષમાર્ગ કઈ રીતે ચાલી રહ્યો છે.

**તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,**
**તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.**

હે સમયસાર! તારી રુચિ થતાં જ જગતની સર્વ રુચિ છૂટી જાય છે. સમયસારમાં કહ્યા મુજબ, 'શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ આત્મા જ જોઈએ છે' તેવી રુચિ થતાં જ જગતનાં સર્વ કાર્યોમાંથી રસ ઊડી જાય છે.

સમયસાર રીઝતાં એટલેકે સમયસારમાં કહ્યા પ્રમાણે જીવન બનાવવામાં આવે તો આખો જ્ઞાયક આત્મા પોતાના સ્વરૂપે પરિણમે.

**બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;**
**તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.**

સુવર્ણનાં પત્રો બનાવીને તેમાં રત્નોના અક્ષરો લખું તોપણ શ્રી કુંદકુંદભગવાનનાં પરમાગમસૂત્રોનાં મૂલ્ય આંકી શકાય નહીં. ✻

---

આ સમયસાર શાસ્ત્ર આગમોનું પણ આગમ છે; લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે; જૈન શાસનનો એ સ્તંભ છે; સાધકની એ કામધેનુ છે; કલ્પવૃક્ષ છે; ચૌદ પૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે. એની દરેક ગાથા છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. —પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ નં. ૪૧

**સમ્યક્ શ્રદ્ધા ધારિ પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન;**
**સ્વ-પર અર્થ બહુધર્મજુત, જો પ્રગટાવન ભાન. ૧.** –શ્રી છઢાળા

# સ્વરૂપને સાધવાનો ઉત્સાહ

ચૈતન્યની વાત સાંભળતાં આત્માર્થીને અંદરથી રોમે-રોમ ઉલ્લસી જાય....અસંખ્યપ્રદેશ ચમકી ઊઠે કે વાહ ! મારા આત્માની આ અપૂર્વ વાત મને સાંભળવા મળી, કદી નહોતું સાંભળ્યું એવું મારું સ્વરૂપ આજ મારા સાંભળવામાં આવ્યું, રાગથી જુદું જ સ્વરૂપ છે. આમ અંતર્સ્વભાવનો ઉત્સાહ લાવીને અને બહિર્ભાવોનો ઉત્સાહ છોડીને જેણે સ્વભાવનું શ્રવણ કર્યું તેનો બેડો પાર ! એના ભાવમાં આંતરો પડી ગયો, સ્વભાવ અને પરભાવ વચ્ચે જરાક તિરાડ પડી ગઈ, તે હવે બંનેને જુદા અનુભવ્યે છૂટકો.

આવી અધ્યાત્મની વાત સંભળાવનારા સંત-ગુરુ પણ મહાભાગ્યથી મળે છે. એ સાંભળતાં પ્રસન્નચિત્તથી—એટલે કે એના સિવાય બીજા બધાયની પ્રીતિ છોડીને 'મારે તો આવું નિજસ્વરૂપ સમજવું છે, આનો જ અનુભવ કરવો છે' એવી ઊંડી ઉત્કંઠા જગાડીને ઉપયોગને જરાક તે તરફ થંભાવીને, જે જીવે સાંભળ્યું તે જીવ સ્વરૂપને સાધવાના ઉત્સાહમાં આગળ વધીને જરૂર સ્વાનુભવ કરશે.

ધન્ય છે તે અધ્યાત્મરસિક જીવને.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—જ્ઞાયક આત્માને એકલી જ્ઞાનગુણની પર્યાય અવલંબે છે કે અનંત ગુણોની પર્યાય અવલંબે છે?

ઉત્તર :—જ્ઞાયક આત્માને અનંતા ગુણોની પર્યાય અવલંબે છે. જ્ઞાનથી તો વાત કરી છે પણ બધા ગુણોની પર્યાય જ્ઞાયકને અવલંબે છે.

પ્રશ્ન :—નિજ દ્રવ્યની અપેક્ષા વિના પર્યાય થાય એટલે શું?

ઉત્તર :—ધ્રુવ દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ છે ને પર્યાય ભિન્ન-ભિન્નરૂપે થાય તે પર્યાય પોતાની યોગ્યતાનુસાર સ્વકાળે સ્વતંત્ર થાય છે.

પ્રશ્ન :—ધ્રુવદ્રવ્યની અપેક્ષા લઈએ તો શું વાંધો છે?

ઉત્તર :—ધ્રુવદ્રવ્યની અપેક્ષા લેવાથી વ્યવહાર થઈ જાય છે. પર્યાય પર્યાયના સ્વકાળથી થાય છે એ પર્યાયનો નિશ્ચય છે.

પ્રશ્ન :—પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં સમાઈ જાય છે તો અનંતી અશુદ્ધ પર્યાય દ્રવ્યમાં સમાઈ જવાથી દ્રવ્ય હાનિ ન પામે?

ઉત્તર :—અશુદ્ધતા તો પ્રગટ પર્યાયમાં નિમિત્તના લક્ષે હોય છે. પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં સમાઈ જતાં પર્યાય પર્યાયરૂપે રહેતી નથી પણ પારિણામિકભાવરૂપે થઈ જાય છે. દ્રવ્યમાં વિકાર પડ્યો નથી માટે દ્રવ્યમાં કદી પણ હાનિ થતી નથી.

પ્રશ્ન :—પર્યાય દ્રવ્યને અડતી નથી તો આનંદ કેવી રીતે આવે?

ઉત્તર :—પર્યાય દ્રવ્યને અડતી ન હોવા છતાં પૂરા દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે, તોપણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધર્મી અને ધર્મ બે વસ્તુ છે, પર્યાય વ્યક્ત છે ને ધ્રુવવસ્તુ અવ્યક્ત છે, બે એક દ્રવ્યના ધર્મ હોવા છતાં વ્યક્ત અવ્યક્તને અડતું નથી, પરંતુ પર્યાયનું લક્ષ દ્રવ્ય સન્મુખ છે તેથી પર્યાય આનંદરૂપ પરિણમે છે.

**સમ્યક્ સાથૈ જ્ઞાન હોય, પૈ ભિન્ન અરાધૌ,**
**લક્ષણ શ્રદ્ધા જાન, દુહૂમેં ભેદ અબાધૌ;** –શ્રી છઢાળા

પ્રશ્ન :—દર્શનઉપયોગમાં શુભ અને અશુભ એવા ભેદ પડે?

ઉત્તર :—ના; શુભ અને અશુભ એવા ભેદ દર્શનઉપયોગમાં કે જ્ઞાનઉપયોગમાં નથી, એ તો ચારિત્રના આચરણરૂપ ઉપયોગના ભેદ છે. ચારિત્રના આચરણમાં શુભ, અશુભ ને શુદ્ધ એવા ત્રણ પ્રકાર છે, તેને શુભ-અશુભ કે શુદ્ધ ઉપયોગ કહેવાય છે.

પ્રશ્ન :—ગુણ વિનાની પર્યાય હોય?

ઉત્તર :—હા, ભવ્યતા તે પર્યાય છે પણ તેને કોઈ ગુણ ન હોય, છતાં તે પર્યાય હોય ને સિદ્ધદશા થતાં તે પર્યાય હોતી નથી.

પ્રશ્ન :—પર્યાય તે સમયની સત્ છે, નિશ્ચિત છે, ધ્રુવ છે તેમ કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :—પર્યાય ઉપરથી લક્ષ છોડી ધ્રુવ દ્રવ્ય તરફ ઢળવાનું પ્રયોજન છે. પર્યાય તે સમયની સત્ છે, નિશ્ચિત છે, ધ્રુવ છે, તેમ બતાવીને તેના ઉપરનું લક્ષ છોડાવી ધ્રુવ દ્રવ્ય ઉપર લક્ષ કરાવવાનું પ્રયોજન છે. પર્યાય નિશ્ચિત છે, ધ્રુવ છે એટલે પર્યાય તે સમયની સત્ હોવાથી આઘી પાછી થઈ શકે તેમ નથી એમ જાણે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય, દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યારે વીતરાગતા થાય. વીતરાગતા એ તાત્પર્ય છે. અરે! આવી વાતો કરોડો રુપિયા દેતા મળે તેમ નથી. અહા! જે જાણતાં વીતરાગતા થાય એની કિંમત શું?

પ્રશ્ન :—પર્યાયનો બગાડો મટીને પર્યાયમાં સુધારો કેમ થાય?

ઉત્તર :—પર્યાય પોતે પરનું લક્ષ કરીને બગડી છે તે પોતે પરનું લક્ષ છોડી સ્વભાવનું લક્ષ કરતાં પર્યાય પોતે પોતાથી સુધરી જાય છે. સ્વનું લક્ષ કરવું એ જ પર્યાયનો સુધારો છે.

પ્રશ્ન :—આત્મામાં અનંતાધર્મો છે, છતાં તેને જ્ઞાનમાત્ર જ કેમ કહો છો?

ઉત્તર :—આત્માની જે જ્ઞપ્તિક્રિયા થાય છે તેમાં અનંતધર્મોનો સમુદાય ભેગો જ પરિણમે છે. એકલું જ્ઞાન જુદું નથી પરિણમતું પરંતુ તે જ્ઞાનની સાથે જ આનંદ, શ્રદ્ધા, જીવત્વ વગેરે અનંત ગુણોનું પરિણમન ભેગું જ છે. એક જ્ઞાનગુણને જુદો લક્ષમાં લઈને ધર્મી નથી પરિણમતો પરંતુ જ્ઞાન સાથેના અનંત ધર્મોને અભેદપણે લક્ષમાં લઈને ધર્મી જીવ એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પરિણમે છે.

સમ્યક્ કારણ જાન, જ્ઞાન કારજ હૈ સોઈ,
યુગપત્ હોતે હૂ, પ્રકાશ દીપકતૈં હોઈ. ૨. –શ્રી છઢાળા



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આત્મા શરીરથી ભિન્ન છે તે તરત ખ્યાલમાં આવે છે, પણ જે વિભાવભાવો થાય છે તેનાથી ભિન્નતાનો ખ્યાલ આવતો નથી?

સમાધાન :—તે મુશ્કેલ છે. શરીર જડ છે અને તે દેખાય છે તેથી તેનાથી ભેદજ્ઞાન કરવું સહેલું લાગે છે. ઉપયોગ સૂક્ષ્મ થાય ને અંદરથી પોતાને રસ-રુચિ લાગે તો વિભાવથી છૂટો પડે. વિભાવથી છૂટા પડવું તેને મુશ્કેલ પડે છે પરંતુ અંદરથી એટલી તૈયારી હોય તો છૂટો પડી શકે છે.

પ્રશ્ન :—આત્મા કેમ દેખાય? આત્મામાં લીન થવા પ્રયત્ન કરીએ છીએ, પણ અંધકાર જ દેખાય છે?

સમાધાન :—જ્ઞાયક જ્યોતિને ઓળખે તો આત્મા દેખાય. જ્ઞાયકને ઓળખવો જોઈએ કે આ રહ્યો હું આત્મા...આ રહ્યો હું જ્ઞાયક, જેવી ચૈતન્યસ્વભાવ વસ્તુ છે તેવી પોતે શ્રદ્ધા કરે, ઓળખે તો તેને દેખે. ''નિજ નયનની આળસે રે....નીરખ્યા ન નયણે હરિ.'' પોતાના નયનની આળસે આંખ ખોલીને પોતે જોતો નથી તો ચૈતન્ય ભગવાન દેખાય ક્યાંથી? પોતે જોતો જ નથી, તો પછી અંધારું જ દેખાય ને! પોતાના જ્ઞાનરૂપ ચક્ષુને ખોલતો નથી એટલે દેખાતો નથી, અને જો ખોલે તો દેખાય.

પ્રશ્ન :—આત્માકો દેખનેકે લિયે મન તો બહુત કરતા હૈ?

સમાધાન :—લેકિન ઈસકા ઉપાય નહીં કરતા હૈ. આત્માકો દેખનેકા ઉપાય કરના ચાહિયે કિ ભીતરમેં કૈસે જાવે? ઈસકા ક્યા ઉપાય હૈ? ઐસે ઉપાય કરના ચાહિયે. અનાદિકા દૂસરા અભ્યાસ હોનેસે બાહર હી બાહર રહતા હૈ, લેકિન ઉપાય કરે તો ભીતરમેં જાવે. દૂસરા કોઈ નહીં હૈ, આપ હી હૈં. અપના સ્વભાવ હૈ વહ સહજ હૈ, સરલ હૈ, તો ભી અનાદિકાલસે દૂસરા અભ્યાસ હી રહા હૈ ઔર બાહર હી બાહરમેં ભટક રહા હૈ ઈસલિયે યહ દુર્લભ હો રહા હૈ. ભીતરમેં અપના સ્વભાવ હૈ વહ સરલ હૈ, લેકિન પુરુષાર્થ નહીં કરતા હૈ તો દિખતા નહીં હૈ.

પ્રશ્ન :—વિકલ્પ સહજ છે તે કઈ રીતે?

સમાધાન :—કોઈ અપેક્ષાએ વિકલ્પ સહજ છે. વિકલ્પ-વિભાવ જે થાય છે તેનો હું કર્તા નથી, હું જ્ઞાયક છું તે અપેક્ષાએ વિકલ્પ સહજ છે એમ કહ્યું છે. બાકી પોતાના પુરુષાર્થની મંદતાએ તે થાય છે અને પોતે સ્વરૂપ તરફ વળી જાય તો વિકલ્પ છૂટી જાય છે. આમ બે અપેક્ષા રહેલી છે. વિકલ્પ એકલો સહજ જ છે એટલે કે જે થવાનું હોય તેમ થાય છે એવું એકાન્ત લેવાથી નુકસાનનું કારણ થાય છે. જેમ થવાનું હોય તેમ થાય, પોતે કાંઈ કરી શકતો નથી, પુરુષાર્થ કરે તો પણ વિકલ્પ છૂટે નહિ એવો સહજનો અર્થ નથી. તે વિકલ્પ પોતાનો સ્વભાવ નથી તેથી દ્રવ્ય અપેક્ષાએ તેનો કર્તા નથી, અને માટે તેને સહજ કહ્યો; પણ બીજી અપેક્ષાએ વિકલ્પને પોતાનો લેવો કે પુરુષાર્થની મંદતાએ તે થાય છે અને પોતે સ્વભાવ તરફ વળે અને જ્ઞાયક થાય તો છૂટી જાય છે.—એમ બે અપેક્ષા છે. વિભાવ જ્યારે થવાનો હોય ત્યારે થાય એમ એક જ અપેક્ષા અર્થાત્ એકાન્ત લેવાથી નુકસાન થાય છે, શુષ્કતા જેવું થઈ જાય છે. કે થવાનું હોય તેમ થાય, આપણે કાંઈ કરી શકતા નથી, વિકલ્પ છૂટવાનો હોય ત્યારે છૂટશે એમ એકાન્ત નથી. પોતાના પુરુષાર્થની મંદતાને લઈને પોતે તેમાં રોકાયેલો છે, પોતાની પરિણતિની મંદતા છે માટે થાય છે અને પુરુષાર્થ કરે તો છૂટી જાય છે.

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૮મી સમ્યક્ત્વજયંતી
## મંગલ પત્રિકા લેખનવિધિ

સમ્યક્ત્વસાધના આરાધક, સ્વાનુભવ વિભૂષિત, ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૮મો મંગલ સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ દ્વારા તા. ૧૪-૩-૨૦૨૦ થી ૧૮-૩-૨૦૨૦ સુધી સોનગઢમાં ઊજવવામાં આવનાર છે. આ સમ્યક્ત્વજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૬-૨-૨૦૨૦ રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.

આ મહોત્સવ પ્રસંગે પ્રથમ દિવસે તા. ૧૪-૩-૨૦૨૦ના રોજ સવારથી સાંજ સુધી સમ્યક્ત્વધામ વાંકાનેર દર્શનાર્થે જવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. મહોત્સવ પ્રસંગે વિધાન પૂજા તા. ૧૫-૩-૨૦૨૦ થી ૧૮-૩-૨૦૨૦ સુધી કરવામાં આવશે.

મહોત્સવના પ્રથમ દિવસે આવનાર મહેમાનો સીધા વાંકાનેર આવી શકશે. સમ્યક્ત્વ મહિમાના પાવન પ્રસંગે વાંકાનેર તથા સોનગઢ પધારવા ધર્મવાત્સલ્યભીનું આમંત્રણ છે.

## બાળ વિભાગ

# દ્વારકા કેવી રીતે નાશ પામી?

(હરિવંશ પુરાણનો એક વૈરાગ્ય પ્રસંગ)

નારાયણ શ્રીકૃષ્ણ અને બળદેવની આંખોની સામે માતા-પિતા, રાણીઓ, પરિવાર તેમજ પ્રજાજનોને બળતા જોઈ બંને ભાઈઓએ તેમને બચાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ હોનહાર !!.... કાંઈપણ ન કરી શક્યા અને નગરીની બહાર નીકળ્યા ને જોયું કે સુવર્ણમય દ્વારિકા ભડભડ સળગે છે બધું જ ભસ્મ થઈ ગયું તે જોઈને એક બીજા ભેટીને રોવા લાગ્યા.... અને દક્ષિણદેશ તરફ પ્રયાણ કર્યું. (જુઓ પુણ્ય-સંયોગની દશા !)

આ બાજુ દ્વારિકા નગરીમાં તેમના પિતા વસુદેવ આદિ અનેક યાદવો અને તેમની રાણીઓએ પ્રાયોપગમન સંન્યાસ ધારણ કરીને દેવલોકમાં ગયા. બળદેવના કેટલાય પુત્ર કે જે તદ્ભવમોક્ષગામી હતા તથા સંયમ લેવાના ઇચ્છુક હતા તેમને દેવો ભગવાન નેમિનાથ પાસે લઈ ગયા. અનેક યાદવો અને તેમની રાણીઓ કે જેઓ ધર્મધ્યાન કરવાવાળી હતી અને જેમનું અંતઃકરણ સમ્યગ્દર્શનથી શુદ્ધ હતું, તેઓએ પ્રાયોપગમન સંન્યાસ ધારણ કર્યો. તેથી અગ્નિનો ઘોર ઉપસર્ગ પણ તેમને આર્ત-રૌદ્રધ્યાનનું કારણ ન બન્યું, ધર્મધ્યાનપૂર્વક દેહત્યાગ કરીને તેઓ સ્વર્ગમાં ગયા.

દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અને પ્રાકૃતિક આ ચાર પ્રકારના ઉપસર્ગ છે. તે મિથ્યાદૃષ્ટિ જીવને આર્ત-રોદ્ર ધ્યાનના કારણ છે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવને તો મિથ્યાભાવના કારણ નથી થતા. જે સાચા જિનધર્મી છે, તે મરણને પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ કાયર નથી થતા. કોઈપણ પ્રકારનું મરણ આવે તો પણ ધર્મની જ દૃઢતા રહે છે. અજ્ઞાનીને મરણ સમયે ક્લેશ થાય છે, જેથી તેઓ કુમરણ કરીને કુગતિમાં જાય છે અને જે જીવ સમ્યગ્દર્શન દ્વારા શુદ્ધ છે, જેમના પરિણામ ઉજ્જ્વળ છે, તે જીવ સમાધિપૂર્વક મરણ કરીને સ્વર્ગમાં જાય છે અને પરંપરા મોક્ષને પ્રાપ્ત થાય છે.

જેઓ જિનધર્મી છે, તેઓ એવી ભાવના ભાવે છે કે આ સંસાર અનિત્ય છે, તેમાં જે ઉત્પન્ન થયા છે તે અવશ્ય મરશે. માટે અમને અખંડ બોધસહિત સમાધિમરણ પ્રાપ્ત થાવ. ઉપસર્ગ આવે તોપણ આપણે કાયર ન થવું જોઈએ. આ પ્રકારે સમ્યગ્દ્રષ્ટિ હમેશા સમાધિની ભાવના વર્તે છે. ધન્ય છે તે જીવોને જેમણે અગ્નિની પ્રચંડ જ્વાલાની વચ્ચે ભસ્મ થવા છતાં પણ સમાધિ છોડી નથી. શરીરને છોડવા છતાં પણ સમતાને છોડતા નથી. અહો ! સત્પુરુષોનું જીવન સ્વ-પરના કલ્યાણ માટે છે. મરણને પ્રાપ્ત થવા છતાં પણ કોઈના પ્રતિ દ્વેષ વિચારતા નથી. ક્ષમાભાવ સહિત દેહને છોડે છે. આ જ જૈનસંતોની પરંપરા છે.

અરે દ્વીપાયન ! જિનવચનોની શ્રદ્ધા છોડીને તમે તમારું તપ બગાડ્યું, તમે તમારો તો નાશ કર્યો અને અનેક જીવોનો પણ નાશ કર્યો દુષ્ટભાવોને લઈને તમે સ્વ-પરના દુઃખદાયક થયા. જે પાપી જીવ પરજીવોનો ઘાત કરે છે, તે ભવ-ભવમાં પોતાનો ઘાત કરે છે.

જ્યારે જીવ કષાયોને વશ થઈને પોતાનો ઘાત તો કરી ચૂક્યો, ત્યારે બીજા અન્ય જીવોનો ઘાત થવો કે ન થવો તે તેના કર્મને આધીન ને ભાગ્યને આધીન છે. પરંતુ જ્યારે જીવે પરજીવના ઘાતનો વિચાર કર્યો, ત્યારે તેને જીવહિંસાનું પાપ તો થઈ ગયું અને પોતાના આત્માને ઘાત કરવાવાળો થઈ ગયો. બીજાને મારવાના ભાવ કરવા તે ધગધગતા લોખંડના ટુકડો બીજાને મારવા માટે હાથમાં લેવા જેવું છે, એટલે કે સામાવાળો બળે કે ન બળે પરંતુ પહેલાં તો પોતાને બાળે છે. તેવી જ રીતે કષાયવશ જીવ પ્રથમ તો સ્વયં કષાયની અગ્નિ દ્વારા બળે છે. ક્રોધથી પરનું ખરાબ કરવાવાળો જીવ પોતાના દુઃખની પરંપરા ભોગવે છે. માટે જીવોએ ક્ષમાભાવ રાખવો યોગ્ય છે.

ક્રોધથી અંધ થયેલા દ્વીપાયન મુનિને ભવિતવ્યતાવશ દ્વારિકાનગરીને ભસ્મ કરી. તેમાં કેટલાય બાળકો, વૃદ્ધ, સ્ત્રીઓ પશુઓ સાથે પોતે દ્વીપાયન પણ બળી ભસ્મ થઈ ગયા. અનેક જીવોથી ભરેલી આ નગરી છ મહિના સુધી આગમાં બળતી રહી.. અરે ધિક્કાર છે—એવા ક્રોધને કે જે સ્વ-પરનો નાશ કરીને સંસારને વધારવાવાળો છે.

અરે ! જુઓ તો ખરા આ સંસારની સ્થિતિ ! બળદેવ અને શ્રીકૃષ્ણ વાસુદેવ જેવા મહાન પુણ્યવંત કે જેઓ અનેક મહાન વિભૂતિઓને પ્રાપ્ત હતા. જેમની પાસે સુદર્શનચક્ર જેવા અનેક મહારત્નો હતા, હજારો દેવ જેમની સેવા કરતા હતા અને હજારો રાજાઓ જેમની આગળ મસ્તક ઝુકાવતા હતા. અરે ! ભરતક્ષેત્રના આ ભૂપતિ પણ પુણ્ય સમાપ્ત થવાથી શ્રીવિહિન થઈ ગયા. નગરી, મહેલ બધું જ બળી ગયું, સમસ્ત પરિવારનો વિયોગ થઈ ગયો, માત્ર પ્રાણ જ તેમનો પરિવાર રહી ગયો. કોઈ દેવ પણ તેમની દ્વારિકાને બળતી બચાવી ન શક્યા.

આ રીતે બંને ભાઈ અત્યંત શોકમગ્ન અને જીવવાની આશાથી પાંડવો પાસે દક્ષિણ મથુરાની તરફ ચાલ્યા. અરે ! અસાર-સંસાર ! આવા પુણ્ય-પાપના વિચિત્ર ખેલ જોઈને હે જીવ ! તમે પુણ્યના ભરોસે બેઠા ન રહો, તુરંત આત્મહિતની સાધના કરો.

જન્મમાં કે મરણમાં, પછી સુખમાં કે દુઃખમાં,
આ સંસારમાં કે મોક્ષમાં, રે જીવ ! જીવ તું તો એકલો છે.

(દ્વારિકા નગરી ભસ્મ થઈ ગઈ, પછી શ્રીકૃષ્ણ અને બળભદ્રનું શું થયું ? પાંડવોનું શું થયું ? તે આગામી અંકમાં વાંચો)

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ *

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૧૯-૧૨-૨૦૧૯ ગુરુવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

* નવીનચંદ્ર અમીચંદભાઈ શાહ (—તેઓ વઢવાણ નિવાસી વાડીલાલ રૂગનાથના જમાઈ) (ઉ.વ. ૭૭) તા. ૧૩-૮-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સાયલા નિવાસી વિપિન કાંતિલાલ શેઠ (હાલ-બોરીવલી) (ઉ.વ. ૭૩) તા. ૭-૯-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢમાં રહી તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.
* વેરતીયા નિવાસી જયશ્રીબેન સુરેન્દ્રકુમાર વાધર (હાલ-જામનગર) (—તેઓ સ્વ. મગનલાલ દામોદર વાધરના પુત્રવધૂ) (ઉ.વ. ૬૬) તા. ૨૧-૧૦-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લેતા હતા.
* જામનગર નિવાસી (હાલ રાજકોટ) પુનિતાબેન મુકેશભાઈ પૂનાતર (—તેઓ સ્વ. મરઘાબેન ધીરજલાલ શાહના પૌત્રી તથા કનકરાય મણિલાલ પૂનાતરના પુત્રવધૂ) (ઉ.વ. ૬૫) તા. ૧૧-૧૧-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

લાઠી નિવાસી (હાલ સોનગઢ) શ્રી ગુણવંતરાય પ્રેમચંદભાઈ ભાયાણી (ઉ.વ. ૯૧)નું તા. ૨૮-૧૦-૨૦૧૯ના રોજ સંપૂર્ણ સભાન અવસ્થામાં આત્મજાગૃતિપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે. તેઓ સરળ સ્વભાવી, ધર્મપ્રેમી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અર્પણતાવાળા હતા. પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીઓમા હંમેશા મોખરે રહી તન-મન-ધનથી લાભ લેતા હતા. પૂજ્ય બહેનશ્રીની ૭૩મી સમ્યક્ત્વજયંતી ખૂબ જ આનંદ ઉલ્લાસ સહ ઉજવી હતી. બાહુબલી ભગવાનના પંચકલ્યાણક પ્રસંગે ભગવાનના માતા-પિતા થવાની ઉત્કૃષ્ટ ભાવના હતી. દાદર મુમુક્ષુ મંડળમાં તેઓએ ૨૮ વર્ષ સુધી સેક્રેટરી તરીકે તથા પછી ૧૫ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા આપી હતી. છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહી તત્ત્વજ્ઞાનનો અમૂલ્ય લાભ લીધો હતો. સાધર્મી પ્રત્યે વાત્સલ્ય એમનો આગવો ગુણ હતો. તેમનો આત્મા શીઘ્રાતિશીઘ્ર આ સંસાર પરિભ્રમણનો નાશ કરી શાશ્વત એવી સિદ્ધ દશાને પ્રાપ્ત કરે એ જ ભાવના.

## (૭૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર બે પ્રકારે છે તે વિચારીને લખો.)

(૧) ઔપશમિકભાવના બે પ્રકાર – (૧)........... (૨) ...........

(૨) કાળચક્ર – (૧)........... (૨) ...........

(૩) વીતરાગ છદ્મસ્થના બે પ્રકાર – (૧)........... (૨) ...........

(૪) સત્તાના બે ભેદ – (૧)........... (૨) ...........

(૫) ગુણના બે પ્રકાર – (૧)........... (૨) ...........

(૬) બે કલ્યાણકવાળા તીર્થંકરના કલ્યાણક – (૧)........... (૨) ...........

(૭) એકાંતના બે પ્રકાર – (૧)........... (૨) ...........

(૮) ભૂમિના બે પ્રકાર – (૧)........... (૨) ...........

(૯) પ્રાણના બે પ્રકાર – (૧)........... (૨) ...........

(૧૦) પ્રમાણના બે પ્રકાર – (૧)........... (૨) ...........

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર ત્રણ પ્રકારે છે)

(૧૧) રત્નત્રયના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૨) મિથ્યાત્વના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૩) યોગના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૪) ગુપ્તિના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૫) લોકના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૬) કુજ્ઞાનના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૭) અવધિજ્ઞાનના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૮) ભવનત્રિકના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૧૯) વાતવલયના ત્રણ ભેદ – (૧) ........... (૨) ........... (૩) ...........

(૨૦) ત્રણપદના ધારક તીર્થંકર – (૧) ........... (૨) ........... (૩) ...........

## (૭૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

**નીચે આપેલ પ્રશ્નના ઉત્તર દિ અથવા દી થી શરૂ થશે**

(૧) શ્રાવકના બાર વ્રતમાંથી એક વ્રતનું નામ..........................

(૨) સમવસરણમાં ................... અને રાત્રીનો ભેદ હોતો નથી.

(૩) હો ........................ શ્રીપતી કરુણા નિધાનજી.

(૪) ...................... જૈનધર્મ અનાદિ નિધન છે.

(૫) ભવનવાસી દેવોનો એક પ્રકાર .....................

(૬) તપઋદ્ધિનો એક પ્રકાર .....................

(૭) ................ અમરચંદજીએ સિંહને જલેબી ખવડાવી હતી.

(૮) તીર્થંકર ................ લેતાં પહેલાં બાર ભાવનાનું ચિંતવન કરે છે.

(૯) સમ્યક્ કારણ જાન, જ્ઞાન કારજ હૈ સોઈ
યુગપત હોતે હુ પ્રકાશ ............... તૈ હોઈ.

(૧૦) ............ વિટપ પહુપનકી વરસા, દુંદુભી આસન વાણી સરસા.

---

(ખાલી જગ્યા પૂરો.)

(૧૧) જિન આજ્ઞા માને તેને ................... કહેવાય છે.

(૧૨) બે અથવા બેથી વધારે પરમાણુઓના બંધને ................. કહે છે.

(૧૩) જે શક્તિના કારણે દ્રવ્યનો કદી અભાવ ન થાય તેને ................. ગુણ કહે છે.

(૧૪) કાળદ્રવ્ય ................... પ્રદેશી હોય છે.

(૧૫) ગુણોના કાર્ય અથવા પરિણમનને ....................... કહેવાય છે.

(૧૬) જે શક્તિના કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય થાય છે તેને ................. ગુણ કહે છે.

(૧૭) આકાશ દ્રવ્ય ..................... પ્રદેશી હોય છે.

(૧૮) જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈ આકાર અવશ્ય હોય છે તેને ............. ગુણ કહે છે.

(૧૯) અવગાહન હેતુત્વ આ ................... દ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૨૦) અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છ દ્રવ્યોના ................ ગુણ છે.

# પ્રૌઢ માટેના પ્રશ્ન નવેમ્બર – ૨૦૧૯ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) | ૧. સંસારી | ૨. મુક્ત |
| (૨) | ૧. સ્થાવર | ૨. ત્રસ |
| (૩) | ૧. સકલ | ૨. નિકલ |
| (૪) | ૧. અરિહંત | ૨. સિદ્ધ |
| (૫) | ૧. ઈન્દ્રિય સંયમ | ૨. પ્રાણી સંયમ |
| (૬) | ૧. પ્રથમોપશમ | ૨. દ્વિતીયોપશમ |
| (૭) | ૧. ગૃહીત | ૨. અગૃહીત |
| (૮) | ૧. સરાગ | ૨. વીતરાગ |
| (૯) | ૧. મિથ્યાજ્ઞાન | ૨. સમ્યક્જ્ઞાન |
| (૧૦) | ૧. ભાવમોક્ષ | ૨. દ્રવ્યમોક્ષ |
| (૧૧) | ૧. જ્ઞાનોપયોગ | ૨. દર્શનોપયોગ |
| (૧૨) | ૧. દર્શનમોહનીય | ૨.ચારિત્રમોહનીય |
| (૧૩) | ૧. ભાવહિંસા | ૨. દ્રવ્યહિંસા |
| (૧૪) | ૧. નિશ્ચય | ૨. વ્યવહાર |
| (૧૫) | ૧. ઉપશમ | ૨. ક્ષપક |
| (૧૬) | ૧. સ્વસ્થાન અપ્રમત્ત | ૨.સાતિશય અપ્રમત્ત |
| (૧૭) | ૧. અધિગમજ | ૨. નિસર્ગજ |
| (૧૮) | ૧. અર્થપર્યાય | ૨. વ્યંજનપર્યાય |
| (૧૯) | ૧. પ્રત્યેક | ૨. સાધારણ |
| (૨૦) | ૧. સુભૌમ | ૨. બ્રહ્મદત્ત |

# બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર – ૨૦૧૯ના ઉત્તર

| | |
|---|---|
| (૧) | દિવાળી |
| (૨) | દીપ |
| (૩) | દીપચંદભાઈ |
| (૪) | દિવ્યધ્વનિ |
| (૫) | દીપોહમંદ રાજા |
| (૬) | દીપચંદજી કાસલીવાલ |
| (૭) | દિઢરથ |
| (૮) | દિનરાત |
| (૯) | દિવ્યપુરુષ |
| (૧૦) | દિશા |
| (૧૧) | પાલખી |
| (૧૨) | પાપ પ્રકૃતિ |
| (૧૩) | પાદાનુસારિણી ઋદ્ધિ |
| (૧૪) | પારાની જેમ |
| (૧૫) | પાત્રતા |
| (૧૬) | પાચક |
| (૧૭) | પાક્ષિક શ્રાવક |
| (૧૮) | પારસમણિ |
| (૧૯) | પાદ |
| (૨૦) | પાખંડ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી. માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદસ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાનપૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર. ૩૮૫.

● આ આત્મા છે તે જ્ઞાયક અખંડ સ્વરૂપ છે. તેમાં રાગ, કર્મ કે શરીર તો તેના નથી પણ પર્યાયમાં ખંડખંડ જ્ઞાન છે તે પણ તેનું નથી. જડ-ઈન્દ્રિય તો તેના નથી પણ ભાવ-ઈન્દ્રિય ને ભાવ-મન પણ તેના નથી. એક-એક વિષયને જાણતી જ્ઞાનની પર્યાય છે એ ખંડખંડ જ્ઞાન છે એ પરાધીનતા છે, પરવશતા છે, એ દુઃખ છે. ૩૮૬.

● જ્ઞાયકસ્વભાવનું જ્યાં અંતરમાં ભાન થયું, જાણનારો જાગીને ઊઠ્યો કે હું તો એક જ્ઞાયકસ્વરૂપ છું—એમ જ્યાં અનુભવમાં આવ્યું ત્યાં જ્ઞાનધારાને કોઈ રોકી શકતું નથી. ગમે તેવો રોગ આવે પણ એ તો શરીરમાં છે, એ ક્યાં આત્મામાં છે ? રોગ છે તેને આત્માએ જાણ્યો છે પણ એમાં ભળીને આત્માએ જાણ્યું નથી. ૩૮૭.


● દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્મા પ્રાપ્ત થતો નથી પણ જે ચીજ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે તે આત્મા છે એમ વ્યવહાર વડે પરમાર્થને સમજી શકાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું આલંબન કરાવ્યું નથી પણ પરમાર્થનું આલંબન કરાવ્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા એમ કહીને ભેદ વડે અભેદને બતાવ્યો છે. ભેદ દ્વારા બતાવ્યો ત્યાં ભેદનું આલંબન નથી કરાવ્યું પણ ભેદનું આલંબન છોડાવીને અભેદ આત્માનું આલંબન કરાવ્યું છે—એમ સમજવું. ૩૮૮.

● અહીં તો જે જ્ઞાન આત્માના લક્ષે થાય તેને જ જ્ઞાન કહે છે. જે જ્ઞાન ઈન્દ્રિયના લક્ષે થાય છે, શાસ્ત્રના લક્ષે થાય છે તેને જ્ઞાન કહેતાં નથી. ત્રિકાળી જ્ઞાયક ભગવાનના આશ્રય વિના અગિયાર અંગના જ્ઞાનને પણ જ્ઞાન કહેતા નથી. એ ખંડખંડ જ્ઞાન છે તે દુઃખનું કારણ છે. ચૈતન્યજ્ઞાનપિંડને ધ્યેય બનાવીને જે જ્ઞાન થાય તે જ્ઞાન ભલે થોડું હોય તોપણ તે સમ્યગ્જ્ઞાન છે. એવા આત્મજ્ઞાન વિનાના ખંડખંડજ્ઞાનથી હજારો માણસોને સમજાવતાં આવડે તોપણ તે જ્ઞાન અજ્ઞાન છે. ને તે ખંડખંડજ્ઞાન પરવશ હોવાથી દુઃખ છે. પરસત્તાવલંબી જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. ૩૮૯.

(૩૬)
આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૯
અંક-૪ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-12-2019
Posted on 1-12-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org